RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 214 Dt. 17-2-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# નગરપાલિકા-તાલુકા પંચાયતમાં 57 ટકા મતદાન

## ૨૦૧૮ની સરખામણીએ ૮ ટકા મતદાન ઘટ્યું : મતદાનના ઘટાડાથી કોને ફટકો?

### રાજકોટ જિલ્લાની ૫ નગરપાલિકામાં સરેરાશ ૫૩.૯૫ ટકા મતદાન જ્યારે ૬ તાલુકા પંચાયતની બેઠકો પર ૪૮.૮૬ ટકા મતદાન

રાજકોટ,તા.૧૬

ગઈકાલે જૂનાગઢ મહાનગરપાલિકા, ૬૮ નગરપાલિકાઓ અને ૩ નગરપાલિકા પંચાયત સહિત સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણી તથા પેટા ચૂંટણી માટે મતદાન પૂર્ણ થયું. મળતી માહિતી માહિતીમુજબ સાંજના ૬ વાગ્યાની સ્થિતિએ રાજ્યમાં સરેરાશ ૫૭ ટકા મતદાન નોંધાયું છે અને કહી શકાય કે ૫૦૦૦ થી વધુ ઉમેદવારોનું ભાવી ઈવીએમમાં સીલ થયું છે. ગત વર્ષ ૨૦૧૮માં યોજાયેલી ૭૫ નગરપાલિકામાં સરેરાશ ૬૫ ટકા મતદાન થયું હતું ત્યારે ૨૦૧૮ની સ્થિતિએ કુલ ૮ ટકા મતદાનમાં ઘટાડો આવ્યો છે. ૫૦૦૦ થી વધુ ઉમેદવારોનું ભાવી ૧૮ ફેબ્રુઆરીના રોજ ખ્યાલ આવશે. જૂનાગઢ મહાનગરપાલિકાની ૬૦ બેઠકો પૈકી ૮ બેઠકો બિનહરીફ થઈ છે. બોટાદ અને વાંકાનેર નગરપાલિકાની મધ્યસત્રની ચૂંટણી પણ યોજાઈ હતી.

રાજકોટ જિલ્લામાં ગઈકાલે સવારના ૭ વાગ્યાથી શાંતિપૂર્ણ માહોલમાં મતદાન શરૂ થયું હતું. જેમાં જસદણ, જેતપુર, ધોરાજી, ભાયાવદર અને ઉપલેટા એમ કુલ પાંચ નગરપાલિકામાં કુલ ૪૨ વોર્ડમાં ૧૬૧ બેઠક માટે ૩૧૭ મતદાન મથકો પર પેટા ચૂંટણી યોજાઈ હતી. બીજી તરફ ગોંડલ, ઉપલેટા, જેતપુર અને જસદણ થઈને કુલ ૪ તાલુકા પંચાયતની ૬ બેઠકો માટે પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં ૩૩ મતદાન મથકો નક્કી કરવામાં આવ્યા હતાં. મળતી માહિતી મુજબ પાંચ નગરપાલિકાના ૨૦૫ અને ૪ તાલુકા પંચાયતની પેટા ચૂંટણીમાં ૨૦ સંવેદનશીલ મતદાન મથકો હતાં. એટલે કહી શકાય કે કુલ ૨૨૫ સંવેદનશીલ મતદાન મથકો પર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન પૂર્ણ થયું છે. ગઈકાલ સાંજના છ વાગ્યાની સ્થિતિએ રાજકોટ જિલ્લાની પાંચ નગરપાલિકાની ચૂંટણી અંગે જો માહિતી મેળવવામાં આવે તો જસદણમાં કુલ ૨૬ બેઠકો પર મતદાન થયું હતું. જેમાં જસદણનું સરેરાશ મતદાન ૫૨.૧૪ ટકા નોંધાયું અને આ બેઠક પર ૧૧૦૨૧ પુરૂષો તથા ૯૦૧૯ સ્ત્રીઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. એવી જ રીતે જેતપુર નવાગઢ બેઠકની વાત કરવામાં આવે તો ૪૪ બેઠક પરની ચૂંટણીમાં ૫૨.૫૪ ટકા મતદાન થયું જેમાં ૩૦૫૨૪ પુરૂષો તથા ૨૪૪૦૮ સ્ત્રીઓએ મતદાન કર્યુ હતું. અત્યંત સંવેદનશીલ ગણાતી ધોરાજીની ૩૬ બેઠકો પર





૫૧.૩૩ ટકા મતદાન થયું જેમાં ૧૮૯૪૪ પુરૂષો અને ૧૬૧૪૧ સ્ત્રીઓએ મતદાન કરી ઉમેદવારોનું ભાવી ઈવીએમમાં સીલ કરાવ્યું હતું. સર્વાધિક મતદાન ભાયાવદરની ૨૪ બેઠકો પર નોંધાયું જેમાં મતદાન કુલ ૫૯.૮૬ ટકા થયું જેમાં ૫૦૧૯ પુરૂષો અને ૪૧૧૩ સ્ત્રીઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. વાત આવે ઉપલેટા નગરપાલિકાની ૩૧ બેઠકો પરનો તો આ બેઠક પર કુલ ૫૩.૦૮ ટકા મતદાન થયું છે. જેમાં ૧૩૧૩૫ પુરૂષો અને ૧૧૨૨૬ મહિલાઓએ મતદાન કર્યુ હતું. એમ સરેરાશ રાજકોટ જિલ્લાની પાંચ નગરપાલિકા બેઠક પર ૫૩.૯૫ ટકા સરેરાશ મતદાન નોંધાયું. તાલુકા પંચાયતની જો વાત કરવામાં આવે તો ગોંડલની સુલતાનપુર બેઠક પર કુલ ૪૫.૨૬ ટકા મતદાન નોંધાયું જેમાં ૨૯૭૨ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. વાત કરવામાં આવે તો ઉપલેટાના ડુમીયાણી બેઠકની તો આ બેઠક પર સર્વાધિક ૬૭.૧૦ ટકા મતદાન થયું અને ૪૨૪૯ મતદારો પૈકી ૨૮૫૧ મતદારોએ મતદાન કર્યુ હતું. એવી જ રીતે ઉપલેટાની મોટી પાનેલી બેઠક પર ૪૨.૪૫ ટકા મતદાન થયું જેમાં કુલ મતદારોનું સંખ્યા ૫૨૩૭ હતી અને તેમાં કુલ ૨૨૨૩ મતદારોએ મતદાન કર્યુ હતું. જસદણની જો વાત કરવામાં આવે તો આંબરડી બેઠક પર ૪૪.૪૯ ટકા મતદાન અને ભાડલામાં ૪૭.૩૫ ટકા મતદાન થયું છે અને બાકી રહેતી જેતપુરની પીઠડીયા બેઠક પર કુલ ૫૨.૨૯ ટકા મતદાન થયું જેમાં કુલ મતદારોની સંખ્યા ૫૭૨૨ છે જેમાંથી ૨૯૯૨ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ત્યારે તાલુકા પંચાયતની ચૂંટણીમાં કુલ રાજકોટ જિલ્લામાં ૪૮.૮૬ ટકા મતદાન નોંધાયું છે.

### જસદણ નગરપાલિકામાં શાંતિપુર્ણ માહોલમાં મતદાન થયું પૂર્ણ

જસદણ નગરપાલિકાની ચૂંટણી માટે મતદાન કરવા મતદારોમાં સવારથી જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. યુવાનો, વડીલો તેમજ મહિલાઓ સવારમાં જ મતદાન કરવા ઉમટ્યા હતા. જસદણ નગરપાલિકાના વિવિધ વિસ્તારોમાં હાલ શાંતિપૂર્ણ મતદાન પૂર્ણ થયું. રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની આજરોજ ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે, રાજકોટ જિલ્લામાં ભાયાવદર, જસદણ, જેતપુર-નવાગઢ, ધોરાજી તથા ઉપલેટા એમ પાંચ નગરપાલિકા તથા ચાર તાલુકા પંચાયતની છ બેઠકોની પેટા ચૂંટણી માટે મતદાનનો શાંતિપૂર્ણ પ્રારંભ થયો હતો. મતદાન નિમિત્તે ગોંડલ તાલુકા પંચાયતની સુલતાનપુર બેઠકની પેટા ચુંટણીમાં મતદાન કરવા માટે યુવા-વૃદ્ધ લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો છે. ખાસ કરીને લાકડીના ટેકે મતદાન મથકે આવતા વડીલોને અહીં ફરજ પરના પોલીસ કર્મીઓ દ્વારા તેઓને સહારો આપી મતદાન કરવામાં મદદરૂપ બનતા જોવા મળ્યા હતાં. તાલુકા પંચાયતની સુલતાનપુર બેઠક માટે ચૂંટણી ભાજપ કોંગ્રેસના મહિલા ઉમેદવારો વચ્ચે ચૂંટણી પ્રતિસ્પર્ધામાં ભાજપના મહિલા વર્ષાબેન હિતેશભાઈ ગોંડલીયા અને કોંગ્રેસના નલીનાબેન ગોપાલભાઈ કુંજડીયા વચ્ચે ચૂંટણી જંગ જોવા મળી રહ્યો છે.નોડલ ઓફિસર અને નિવાસી અધિક કલેકટર એ.કે.ગૌતમના માર્ગદર્શનમા ચૂંટણી દરમિયાન મતદાન મથકમાં કોઈ અનિચ્છીય ઘટના ન બને તે માટે બોડી કેમેરા સાથે પોલીસનો કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

### નગરપાલિકા ચૂંટણીમાં કુલ ૬ બેલેટ યુનિટ અને ૪ કંટ્રોલ યુનિટ આવ્યા બદલવામાં

ગઈકાલે સમગ્ર રાજ્યમાં નગરપાલિકા અને તાલુકા પંચાયતની પેટા ચૂંટણીઓ યોજાઈ હતી. જેમાં સરેરાશ ૫૭ ટકા મતદાન નોંધાયું છે ત્યારે રાજકોટ જિલ્લાની પાંચ નગરપાલિકા બેઠકની જો વાત કરવામાં આવે તો ગઈકાલના મતદાન સમયે કુલ ૬ બેલેટ યુનિટને ટેકનીકલ ક્ષતિના કારણે બદલવામાં આવ્યા હતાં. તો સામે ચાર કંટ્રોલ યુનિટને પણ બદલવામાં આવ્યા હતાં. બેઠક મુજબ જો આ અંગે વાત કરવામાં આવે તો જેતપુર નવાગઢ બેઠકમાં કુલ બે બેલેટ યુનિટ અને એક કંટ્રોલ યુનિટ બદલવામાં આવ્યું હતું. જ્યારે ધોરાજી બેઠકમાં કુલ ૩ બેલેટ યુનિટ અને ૨ કંટ્રોલ યુનિટ બદલવામાં આવ્યાં. સાથોસાથ ઉપલેટા બેઠકમાં કુલ ૧ બેલેટ યુનિટ અને એક કંટ્રોલ યુનિટ બદલવામાં આવ્યું હતું.

### ધોરાજી નગરપાલિકાના આપ ઉમેદવારના પિતાનું મતદાન મથક પર હાર્ટએટેકથી મોત



રાજકોટ જિલ્લાની ધોરાજી નગરપાલિકાના આમ આદમી પાર્ટીના ઉમેદવાર અજયભાઈ કંડોલીયાના પિતા હરસુખભાઈ કંડોલીયા મતદાન મથક પર મતદાન કરવા પહોંચ્યા ત્યાં જ તેઓનું મોત નિપજ્યું હતું. સારવાર અર્થે તેઓને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. પરંતુ તબીબોએ તેઓને મૃત જાહેર કર્યા

# દિલ્હી રેલવે સ્ટેશન પરથી મહાકુંભમાં જતા ૧૮ મુસાફરોના રૂંધાયા શ્વાસ

## પ્લેટફોર્મ નંબર ૧૪ અને ૧૫ પર કુંભમાં જતા મુસાફરોની ભીડ ક્ષમતા કરતા વધી હતી : ભારે ભીડને કારણે નાસભાગ મચી : ૧૨થી વધુ લોકો ઘાયલ



નવીદિલ્હી, તા. ૧૬

નવી દિલ્હી રેલવે સ્ટેશન પર શનિવારે રાત્રે થયેલી નાસભાગમાં ૧૮ મુસાફરોના શ્વાસ રૂંધાવાથી મોત થયા હતા. અધિકારીઓએ જણાવ્યું કે પ્લેટફોર્મ નંબર ૧૪ અને ૧૫ પર કુંભમાં જતા મુસાફરોની ભીડ ક્ષમતા કરતા વધી ગઈ હતી. આ મુસાફરો પ્રયાગરાજ જતી ટ્રેનની રાહ જોઈ રહ્યા હતા. ગંભીર રીતે ઘાયલ ૧૨ લોકોની દિલ્હીની ક્ગઉંડ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આ કરૂણ અકસ્માતમાં મૃત્યુ પામેલાઓમાં ૯ મહિલા, ૪ પુરૂષ અને ૫ મહિલાઓનો સમાવેશ થાય છે. મૃતકોમાં ૯ બિહારના, ૮ દિલ્હીના અને એક હરિયાણાના છે. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે સ્ટેશન પર ભારે ભીડને કારણે નાસભાગ મચી ગઈ હતી અને ઘણા મુસાફરો ગૂંગળામણને કારણે બેભાન થઈ ગયા હતા.

ડેપ્યુટી કમિશ્નર ઓફ પોલીસ (રેલવે) એ એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે પ્લેટફોર્મ નંબર ૧૪ પર પહેલેથી જ મોટી ભીડ હતી, જ્યારે પ્રયાગરાજ એક્સપ્રેસ ટ્રેન તેની પ્રસ્થાન માટે ત્યાં રાહ જોઈ રહી હતી. રાતે ૯.૫૫ વાગ્યાની આસપાસ નાસભાગ શરૂ થઈ હતી, ત્યારબાદ અધિકારીઓએ તાત્કાલિક પગલાં લેવા પડ્યા હતા. નાસભાગમાં માતા ગુમાવનાર એક મુસાફરે કહ્યું કે અમે બિહારના છપરા જઈ રહ્યા હતા જ્યાં અમારું ઘર છે. અમે એક જૂથમાં હતા. લોકો એકબીજાને ધક્કો મારી રહ્યા હતા. આ હોબાળો અને નાસભાગમાં મારી માતાનું મૃત્યુ થયું હતું. મારી માતાની સારવાર કરી રહેલા ડોક્ટરે પુષ્ટિ કરી છે કે મારી માતાનું અવસાન થયું છે.

ઉત્તર રેલવેના સીપીઆરઓ હિમાંશુ શેખરે જણાવ્યું કે જે સમયે આ દુઃખદ ઘટના બની તે સમયે પટના જતી ટ્રેન મગધ એક્સપ્રેસ પ્લેટફોર્મ નંબર ૧૪ પર અને જમ્મુ જતી ટ્રેન ઉત્તર સંપર્ક ક્રાંતિ પ્લેટફોર્મ નંબર ૧૫ પર ઉભી હતી. આ દરમિયાન જ્યારે પેસેન્જર લપસીને ફૂટ ઓવર બ્રિજ પરથી પ્લેટફોર્મ નંબર ૧૪ અને ૧૫ તરફ જતી સીડી પર પડ્યો ત્યારે તેની પાછળ રહેલા ઘણા મુસાફરોને ફટકો પડ્યો અને આ દુઃખદ ઘટના બની. આ અકસ્માતની તપાસ ઉચ્ચ સ્તરીય સમિતિ દ્વારા કરવામાં આવી રહી છે. હિમાંશુ શેખરે ભારપૂર્વક જણાવ્યું હતું કે કોઈ ટ્રેન કેન્સલ કરવામાં આવી નથી, ન તો ટ્રેનનો સમય બદલાયો હતો, ન તો કોઈ ટ્રેનનું પ્લેટફોર્મ બદલાયું હતું, બલ્કે રેલવેએ વિશેષ ટ્રેનો ચલાવી હતી. ત્યાં સામાન્ય ભીડ હતી. ફૂટઓવર બ્રિજ પર એક મુસાફર અકસ્માતે પડી જતાં આ ઘટના બની હતી. હવે રેલ્વે સ્ટેશન પર સ્થિતિ સામાન્ય છે. ટ્રેનો રાબેતા મુજબ ચાલી રહી છે. નવી દિલ્હી સ્ટેશન પર શનિવારે રાત્રે થયેલી નાસભાગમાં ૧૮ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ ઘટનાના સાક્ષી ભારતીય રેલ્વે વેઈટરે જણાવ્યું કે કેવી રીતે લોકો મૂંઝવણમાં મુકાઈ ગયા અને હંગામા પછી નાસભાગ કેમ મચી ગઈ. વેઈટરે સ્ટેશન પર શ્વાસ માટે સંઘર્ષ કરી રહેલા લોકોની વાર્તા ક્રમિક રીતે વર્ણવી છે. તેમણે જણાવ્યું કે પ્રયાગરાજથી ટ્રેન આવવાની જાહેરાત બાદ પ્લેટફોર્મ નંબર ૧૬ પર હંગામો થયો અને પછી નાસભાગ મચી ગઈ.




### શનિવારની ઘટના બાદ ગઈકાલે પણ સ્ટેશન પર મુસાફરોની ભારે ભીડ

નવી દિલ્હી રેલ્વે સ્ટેશન પર નાસભાગ બાદ પણ સ્થિતિ કાબુમાં નથી. શનિવારે રાત્રે બનેલી આ ભયાનક ઘટના બાદ રવિવારે પણ સ્ટેશન પર મુસાફરોની ભારે ભીડ જોવા મળી હતી. આવું જ દ્રશ્ય દિલ્હીથી બિહાર જતી સંપર્ક ક્રાંતિ ટ્રેનમાં જોવા મળ્યું હતું. ભીડની સ્થિતિ એવી હતી કે દરવાજામાંથી જગ્યા ન હોય તો લોકો ઈમરજન્સી બારીમાંથી ટ્રેનમાં પ્રવેશતા જોવા મળતા હતા.



# નાની ઉંમરમાં હૃદય રોગના હુમલાનું પ્રમાણ વધ્યું



## બદલતી જીવન શૈલી સહિત જોખમી પરિબળોને ઓળખવામાં નવયુવાનો થઈ રહ્યા છે નિષ્ફળ

રાજકોટ, તા. ૧૬

યુવાન લોકોમાં અચાનક હાર્ટ એટેક ભાગ્યે જ જોવા મળે છે, પરંતુ તે થઈ શકે છે. સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (સીડીસી) અનુસાર, યુનાઈટેડ સ્ટેટ્સમાં ૨૫ વર્ષથી ઓછી ઉંમરના લગભગ ૨,૦૦૦ યુવાન, સ્વસ્થ દેખાતા લોકો દર વર્ષે હાર્ટ એટેકથી અચાનક મૃત્યુ પામે છે. આ મૃત્યુ પરિવારો અને સમુદાયો પર મોટી અને વિનાશક અસર છોડે છે.

પરંતુ જોખમી પરિબળોને ઓળખવામાં મદદ કરવાની રીતો છે જે આ દુર્ઘટનાઓને રોકવામાં મદદ કરી શકે છે. સડન કાડિયાક અરેસ્ટ (એસસીએ) એ જીવન માટે જોખમી કટોકટી છે જે ''હૃદયના કાર્યમાં અચાનક અને અણધારી નુકશાનથી ચેતના ગુમાવવા અને પતન તરફ દોરી જાય છે.'' જો મિનિટોમાં સારવાર ન કરવામાં આવે તો, જીઅ જીવલેણ બની શકે છે.

તેમજ ઈમરજન્સી રિસ્પોન્સ જેમ કે ઈડ્છ અને ઓટોમેટિક ડિફિબ્રિલેટરનો ઉપયોગ કરીને.

જ્યારે જીઅ સ્વસ્થ દેખાતા યુવાનોમાં થાય છે, ત્યારે સામાન્ય રીતે કોઈ સ્પષ્ટ ઈજા અથવા તબીબી કારણ હોતું નથી જેના વિશે દર્દી અથવા પરિવારને જાણ હોય. જીઅ ધરાવતા કેટલાક યુવાનોએ અગાઉ હૃદય સંબંધી લક્ષણોનો અનુભવ કર્યો હોય શકે છે, જેમ કે શ્વાસ લેવામાં તકલીફ, છાતીમાં દુખાવો અથવા મૂર્છા, જે જીવન માટે જોખમી ગણાતા ન હતા. જીઅ ઈવેન્ટ સુધી અન્ય લોકોએ હૃદયની સમસ્યાઓના કોઈ ચિહ્નો દર્શાવ્યા ન હતા. અચાનક કાડિયાક અરેસ્ટ એ યુવાન રમતવીરોમાં મૃત્યુનું મુખ્ય કારણ છે, પરંતુ તે સંગઠિત રમતોમાં સામેલ ન હોય તેવા યુવાનોને પણ અસર કરે છે. આ કસરત દરમિયાન અથવા આરામ કરતી વખતે અથવા ઊંઘ દરમિયાન પણ થઈ શકે છે. કેટલાક કિસ્સાઓમાં, જીઅ દરમિયાન મગજના નુકસાનને કારણે થોડા દિવસો અથવા અઠવાડિયા પછી યુવાન લોકો અચાનક હૃદયરોગના હુમલાથી મૃત્યુ પામે છે.

### વધારાના જોખમી પરિબળોમાં

- ડાયાબિટીસ
- સ્થૂળતા
- હૃદય રોગનો કૌટુંબિક ઈતિહાસ
- ઉંમર (જેમ જેમ તમે મોટા થાઓ તેમ જોખમ વધે છે)
- બિનઆરોગ્યપ્રદ આહાર
- શારીરિક નિષ્ક્રિયતા
- અતિશય દારૂનો વપરાશ

### યુવાન લોકોમાં અચાનક કાડિયાક અરેસ્ટનું કારણ શું છે?

હાયપરટ્રોફિક કાર્ડિયોમાયોપેથી. સામાન્ય રીતે વારસાગત અને ઘણીવાર નિદાન ન થતાં, તે યુવાન લોકોમાં એસસીએનું સૌથી સામાન્ય કાર્ડિયોવેસ્ક્યુલર કારણ છે. હૃદયના નીચલા ચેમ્બરમાં સ્નાયુ કોશિકાઓ, જેને વેન્ટ્રિકલ્સ કહેવાય છે, જાડા થાય છે. આનાથી હૃદયની અસાધારણ લય થઈ શકે છે, ખાસ કરીને કસરત દરમિયાન. અન્ય પ્રકારની પેડિયાટ્રિક કાર્ડિયોમાયોપથી પણ ભૂમિકા ભજવી શકે છે.

કોરોનરી ધમની અસાધારણતા. કોરોનરી ધમનીઓ જે રીતે હૃદય સાથે જોડાય છે તેમાં ખામી કસરત દરમિયાન હૃદયના સ્નાયુમાં રક્ત પુરવઠાને ઘટાડી શકે છે અને હૃદયની નિષ્ફળતા તરફ દોરી જાય છે. કોરોનરી ધમનીની અસાધારણતા ધરાવતા યુવાન લોકો સામાન્ય રીતે તેની સાથે જન્મે છે, પરંતુ તેઓ મોટા ન થાય ત્યાં સુધી તેમને કોઈ લક્ષણો દેખાતા નથી.

પ્રાથમિક એરિથમિયા. માળખાકીય રીતે સામાન્ય હૃદય ધરાવતા લોકોમાં, અચાનક હૃદયની નિષ્ફળતા ક્યારેક અજાણી આનુવંશિક પરિસ્થિતિઓને કારણે થઈ શકે છે જે હૃદયના વિદ્યુત આવેગને અસર કરે છે.

હાઈ બ્લડ પ્રેશરઃ સ્ત્રીઓને ગર્ભનિરોધક ગોળીઓની આડઅસર તરીકે અથવા ગર્ભાવસ્થા દરમિયાન હાઈ બ્લડ પ્રેશર થઈ શકે છે. ૬૫ વર્ષથી વધુ ઉંમરની તમામ મહિલાઓને હાઈ બ્લડ પ્રેશર થવાની શક્યતા પુરૂષો કરતાં વધુ હોય છે.

ઉચ્ચ કોલેસ્ટ્રોલઃ એસ્ટ્રોજન સ્ત્રીઓને કોલેસ્ટ્રોલના બિનઆરોગ્યપ્રદ સ્તરોથી રક્ષણ આપે છે. પરંતુ મેનોપોઝ પછી, એસ્ટ્રોજનનું સ્તર ઘટે છે અને ઉચ્ચ કોલેસ્ટ્રોલની શક્યતા વધી જાય છે.

ધૂમ્રપાનઃ જો કે પુરૂષો ધૂમ્રપાન કરે છે તેવી શક્યતાઓ થોડી વધુ હોય છે, પરંતુ લિંગ વચ્ચે સિગારેટના વપરાશમાં અંતર પહેલા કરતા ઓછું છે અને સ્ત્રીઓ સફળતાપૂર્વક છોડવાની શક્યતા ઓછી છે.

### પ્રારંભિક હાર્ટ એટેકને રોકવા શું કરવું જોઈએ

હૃદયના સ્વાસ્થ્યને સુરક્ષિત રાખવા માટે તમે ઘણી વસ્તુઓ કરી શકો છો. એવો અંદાજ છે કે ૮૦% હૃદયરોગ, જેમાં હાર્ટ એટેક અને સ્ટ્રોકનો સમાવેશ થાય છે, જીવનશૈલીમાં ફેરફાર દ્વારા અટકાવી શકાય છે, જેમ કેઃ સ્વસ્થ વજન જાળવી રાખવુંઃ વધુ વજન અથવા મેદસ્વી હોવાને કારણે હૃદય રોગનું જોખમ વધે છે. તમારું વજન કેવી રીતે જોવું તેની ટીપ્સ મેળવો. હાર્ટ-હેલ્ધી ડાયટ ખાવુંઃ પ્રોસેસ્ડ ફૂડ અને ખાંડ ઉમેરવાનું ટાળો. સંપૂર્ણ, પૌષ્ટિક ખોરાકથી સમૃદ્ધ ખોરાક લો (એક સારું ઉદાહરણ ભૂમધ્ય આહાર છે). નિયમિતપણે વ્યાયામ કરોઃ સતત વર્કઆઉટ રૂટિન તમારા હૃદયના સ્વાસ્થ્યને વેગ આપી શકે છે. દર અઠવાડિયે ઓછામાં ઓછી ૧૫૦ મિનિટ માટે લક્ષ્ય રાખો. જાણી લો કે આ પ્રકારની કસરત હૃદયના સ્વાસ્થ્યને વધારી શકે છે. આલ્કોહોલ ઘટાડવોઃ મહિલાઓએ આલ્કોહોલનું સેવન દિવસમાં એક કરતા વધુ પીણાં સુધી મર્યાદિત રાખવું જોઈએ. પીવું (ખાસ કરીને રેડ વાઈન) તમારા માટે સારું છે કે ખરાબ તે શોધો. વધુ ચાલવુંઃ કસરત ઉપરાંત આખો દિવસ ચાલવું સારું છે. લાંબા સમય સુધી બેસવાનું ટાળો.

# પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતતા કેળવતું ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન

## IOC પશ્ચિમ ક્ષેત્ર પાઈપલાઈન્સના કર્મચારીઓ અને તેમના પરિવારના સભ્યો દ્વારા યોજાઈ જાગૃતિ પદયાત્રા





રાજકોટ, તા. ૧૬

વધતા ગ્લોબલ વોર્મિંગના પગલે હાલ જરૂરી એ છે કે વધુને વધુ પર્યાવરણનું જતન અને તેની જાળવણી થાય તે ખૂબ જરૂરી છે જો આ પગલું ભરવામાં આજનો યુવાધન

નિષ્ફળ બનશે તો ભવિષ્યમાં તેની અસર અત્યંત વિકરાળ હોઈ શકે છે ત્યારે ભવિષ્યને ધ્યાનમાં રાખીને હાલ પર્યાવરણ જાળવણીના અનેકવિધ કાર્યો થઈ રહ્યા છે તેમાં રાજકોટ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના પાઈપલાઈન્સ ના કર્મચારીઓ અને પરિવારના સભ્યોએ જાગૃતિ પદયાત્રાનું આયોજન કર્યું હતું અને ગઈકાલે રાજકોટના લોકોને પર્યાવરણની જાળવણી અંગે માહિતી પૂરી પાડી હતી અને તેમનામાં વધુને વધુ પર્યાવરણ જતન અંગે મહત્વતા સમજાય તે માટેના દરેક સંભવત પ્રયત્નો પણ કરવામાં આવ્યા હતા. વિશ્વભરમાં પર્યાવરણની જાળવણી માટે વિવિધ સંસ્થાઓ દ્વારા સમાજોપયોગી પ્રવૃતિઓ કરવામાં આવે છે.

જે અન્વયે રાજકોટ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ પશ્ચિમ ક્ષેત્ર પાઈપલાઈન્સના કર્મચારીઓ અને તેમના પરિવારના સભ્યો દ્વારા પર્યાવરણ સંરક્ષણ માટે જાગૃતિ પદયાત્રા યોજવામાં આવી હતી. આ પદયાત્રાનો મુખ્ય હેતુ લોકોમાં ઊર્જા બચત અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારીના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવાનો હતો.

આ કાર્યક્રમમાં પશ્ચિમ ક્ષેત્ર પાઈપલાઈન્સના વડા શ્રી જી.વેંકટરમણનએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, ઊર્જા સંરક્ષણના મહત્વ વિશે સક્ષમ ૨૦૨૫ અભિયાન માત્ર ઊર્જા બચત તરફનું એક પગથિયું નથી, પણ આ અભિયાન સમાજને સ્થિર વિકાસ તરફ દોરી જવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, ઊર્જા બચત માટે નાના-નાના પગલાં ભરવાથી ભવિષ્યમાં ઊર્જા સંકટથી બચી શકાય છે, અને આવાં પગલાંઓથી જ આવનારી પેઢીઓ માટે એક સ્વચ્છ અને સુરક્ષિત પર્યાવરણ બનાવવું શક્ય બનશે. આ પદયાત્રાનું આયોજન સક્ષમ ૨૦૨૫ અભિયાન અંતર્ગત કરવામાં આવ્યું હતું. આ પદયાત્રામાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના કર્મચારીઓઓ ભાગ લીધો હતો.

# ખેલ મહાકુંભની દોડ સ્પર્ધામાં રાજકોટની સરકારી શાળાના બાળકો ઝળક્યા

## મુંજકા-૨ પ્રાથમિક શાળાની બે કન્યાઓનું ૧૫૦૦ અને ૬૦૦ મીટર દોડમાં શ્રેષ્ઠ પ્રદર્શન

રાજકોટ, તા. ૧૬

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર ખેલને વધુ પ્રોત્સાહન મળે અને આજનું યુવા ધન ખેલ પ્રત્યે વધુ આકર્ષાય તે માટે અનેકવિધ યોજનાઓ બનાવવામાં આવી રહી છે એટલું જ નહીં તાલુકા કક્ષા અથવા તો ગામડામાં જે નવ યુવાનોને નવયુક્તિઓ ખેલ ક્ષેત્રે રૂચી ધરાવતા હોય તેઓ માટે ખાસ ખેલ મહાકુંભ શરૂ કરવામાં આવ્યું છે જેમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલાડીઓને રાજ્ય સ્તરે અને ત્યારથી રાષ્ટ્રીય સ્તરે પ્રદર્શન કરવાનો મોકો મળે છે ત્યારે ફરી એક વખત સરકારી શાળાના બાળકો ખેલ મહાકુંભમાં ઝળક્યા છે અને રાજકોટનું નામ રોશન કર્યું છે. રાજ્યના યુવાનોમાં શારીરિક વિકાસ અને ખેલદિલીની ભાવના કેળવાય તે માટે ગુજરાત સરકાર દર વર્ષે ખેલ મહાકુંભનું આયોજન કરે છે. જે અન્વયે ખેલ મહાકુંભ ૩.૦માં સતત બીજી વખત મુંજકા-૨ પ્રાથમિક શાળાની બે કન્યાઓએ ૧૫૦૦ અને ૬૦૦ મીટર દોડમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. ખેલ મહાકુંભ ૩.૦માં સૌ પ્રથમ ઝોનકક્ષાની રમતોનું આયોજન થયેલું હતું. મુંજકા-૨ પ્રાથમિક શાળાનો રાજકોટ શહેરમાં ઝોન ૮માં સમાવેશ થતો હોઈ ૪૦૦ મીટર અને ૬૦૦ મીટર દોડમાં પ્રથમ ક્રમ શ્રી કિંજલ પંચાસરા, ૮૦૦ મીટર દોડ અને ૧૫૦૦ મીટર દોડમાં પ્રથમક્રમ કોમલ પંચાસરા, ૨૦૦ મીટર દોડમાં દ્વિતીય ક્રમ સરોજ સલોનીએ હાંસલ કર્યો હતો.ઉપરાંત, જિલ્લાકક્ષાની રમતોમાં સમગ્ર રાજકોટ જિલ્લામાં ૧૫૦૦ મીટર દોડમાં કોમલ પંચાસરા પ્રથમ ક્રમ, ૬૦૦ મીટર દોડમાં પંચાસરા કિંજલ પંચાસરા દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. બાળકીઓને મળેલી સફળતા પાછળ શાળાના આચાર્યશ્રી, કોચ શ્રી અકિલ સર અને શિક્ષકો દ્વારા આયોજનબદ્ધ તૈયારી કરવામાં આવી હતી. અને બાળકોને પોતાની રસની રમત માટે વિશેષ તૈયાર કરવામાં આવ્યા હતા.




શાળાની નજીક સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આવેલ એથ્લેટિક્સ ટ્રેક પર દરરોજ સવારે નિયમિત બાળકોને પ્રેક્ટિસ કરાવવામાં આવતી હતી. અને બાળકને પ્રેક્ટિસ માટે શાળામાંથી ટી-શર્ટ આપવામાં આવ્યું હતુ. આ તકે જરૂરિયાતમંદ બાળકોને રનિંગ શૂઝ પણ આપવામાં આવ્યા હતા. ઉપરાંત, ટૂંક સમયમાં રાજ્યકક્ષાએ યોજાનાર ખેલ મહાકુંભમાં કિંજલ પંચાસરા અને કોમલ પંચાસરા બન્ને ૧૫૦૦ મીટર દોડ અને ૬૦૦ મીટર દોડમાં ભાગ લેશે.ઉલ્લેખનીય છે કે, શાળાને મળેલ સિદ્ધિ બદલ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પુજારા અને શાસનાધિકારી કિરીટસિંહ પરમાર દ્વારા માર્ગદર્શન તેમજ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# દિલ્હીના CM કોણ આજે થશે નક્કી

## આજે ભારતીય જનતા પાર્ટીની યોજાશે મહત્વપૂર્ણ બેઠક : નિરીક્ષકોની હાજરીમાં મુખ્યમંત્રીના ચહેરાની થઈ શકે છે જાહેરાત



નવીદિલ્હી, તા. ૧૬

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભાજપની ભવ્ય જીત બાદ છેલ્લા ઘણા દિવસોથી મુખ્યમંત્રીને લઈને ચર્ચા ચાલી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના વિદેશ પ્રવાસથી પરત ફર્યા બાદ સીએમ અંગે નિર્ણય લેવામાં આવશે. આવી સ્થિતિમાં હવે એવા સમાચાર છે કે આજે ભારતીય જનતા પાર્ટીની એક મહત્વપૂર્ણ બેઠક યોજાવા જઈ રહી છે જેમાં દિલ્હીના આગામી મુખ્યમંત્રીના નામ પર નિર્ણય લેવામાં આવી શકે છે. આ સમય દરમિયાન, નિરીક્ષકોની હાજરીમાં નવા મુખ્યમંત્રીની જાહેરાત કરવામાં આવશે અને શપથ ગ્રહણ સમારોહ આવતીકાલે રામલીલા મેદાનમાં થઈ શકે છે.

અગાઉ એવું કહેવામાં આવી રહ્યું હતું કે દિલ્હીમાં ભાજપ સરકારનો શપથ ગ્રહણ સમારોહ ૧૯ અથવા ૨૦ ફેબ્રુઆરીએ યોજાય તેવી શક્યતા છે અને નવી સરકાર સ્વચ્છ પીવાના પાણીની સપ્લાય, બહેતર નાગરિક માળખાગત સુવિધાઓ સહિત અન્ય બાબતોને પ્રાથમિકતા આપશે. પાર્ટીના નેતાઓએ આ જાણકારી આપી. ભાજપના નવા ચૂંટાયેલા ધારાસભ્ય અને પાર્ટીના રાષ્ટ્રીય સચિવ મનજિન્દર સિંહ સિરસાએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમના વિદેશ પ્રવાસથી પરત ફરી રહ્યા છે અને ટૂંક સમયમાં જ ભાજપ ધારાસભ્ય દળની બેઠક માટે નિરીક્ષકોની નિમણૂક કરવામાં આવશે. રાજૌરી ગાર્ડનના ધારાસભ્ય અને મુખ્યમંત્રી અથવા મંત્રી પદના દાવેદાર ગણાતા સિરસાએ કહ્યું, 'નવી સરકાર ૧૯-૨૦ ફેબ્રુઆરીની આસપાસ કામ કરવાનું શરૂ કરશે.'

સિરસાએ કહ્યું કે તેમને આશા છે કે બીજેપી વિધાયક દળની બેઠક ૧૮-૧૯ ફેબ્રુઆરીની આસપાસ યોજાશે. તેમણે કહ્યું, ''મને લાગે છે કે શપથ ગ્રહણ સમારોહ પછી ૨૦ ફેબ્રુઆરી સુધીમાં નવી સરકારની રચના થઈ જશે.'' દિલ્હીના મુખ્યમંત્રી પદ માટે કોઈપણ પ્રકારની સ્પર્ધા અંગે, નવા ચૂંટાયેલા બીજેપી ધારાસભ્યોએ કહ્યું કે આવી વાતો ફક્ત મીડિયા દ્વારા કરવામાં આવી રહી છે, જે બીજી વખત લક્ષ્મી નગર સીટથી ધારાસભ્ય બન્યા છે, તેમણે કહ્યું, દિલ્હીના મુખ્યમંત્રી પદ માટે કોઈ સ્પર્ધા નથી. અમારા પક્ષમાં મુખ્યમંત્રી કે ધારાસભ્ય દળના નેતાની પસંદગી ધારાસભ્યોની બેઠકમાં થાય છે. પૂર્વાંચલીના નેતા વર્મા પણ દિલ્હીના મુખ્યમંત્રી પદની રેસમાં હોવાનું માનવામાં આવે છે. ''અમે લોકોની સેવા કરવા આવ્યા છીએ અને હવે લોકો માટે વિકાસ, સ્વચ્છ પાણી પુરવઠા અને સ્વચ્છ હવા તેમજ યમુનાને પ્રદૂષણ મુક્ત બનાવવા જેવા મુદ્દાઓ વિશે વિચારી રહ્યા છીએ,'' વર્માએ કહ્યું કે વડા પ્રધાનના વચન મુજબ, આયુષ્માન ભારત સ્વાસ્થ્ય યોજના કે જે આમ આદમી પાર્ટીની સરકાર દ્વારા ''અવરોધ'' કરવામાં આવી હતી તેને નવી કેબિનેટની પ્રથમ બેઠકમાં લાગુ કરવામાં આવશે. સિરસાએ કહ્યું કે, સ્વચ્છ પીવાનું પાણી પૂરું પાડવું, શહેરમાં સ્વચ્છતા સુનિશ્ચિત કરવી અને હવા અને યમુના પ્રદૂષણને પહોંચી વળવા માટે કામ શરૂ કરવું એ સત્તામાં આવ્યાના ૧૦૦ દિવસમાં નવી સરકારની પ્રાથમિકતા હશે, છઠ્ઠી વખતના ધારાસભ્ય મોહન સિંહ બિષ્ટે કહ્યું કે, દિલ્હીના નવા મુખ્યમંત્રી ૪૮ ભાજપના ધારાસભ્યોમાંથી પસંદ કરવામાં આવશે. મુસ્તફાબાદના ધારાસભ્યએ પણ મતવિસ્તારનું નામ બદલીને 'શિવ વિહાર' અથવા 'શિવ પુરી' કરવાના તેમના પ્રસ્તાવને પુનરાવર્તિત કર્યો.




# પરીક્ષા એટલે આત્મવિશ્વાસ પરિશ્રમનું પર્વ : આચાર્ય દેવવ્રત

## આગામી પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને રાજ્યપાલે પાઠવી શુભેચ્છા : માત્ર ગુણ પાછળ નહીં પરંતુ શિક્ષણને સમજવું એ પણ વિદ્યાર્થીની જવાબદારી



રાજકોટ, તા. ૧૬

વિદ્યાર્થી જીવનમાં પરીક્ષા એક મહત્વપૂર્ણ પડાવ હોય છે. જેમ જેમ પરીક્ષાનો સમય નજીક આવે છે, તેમ તેમ વિદ્યાર્થીઓના મનમાં ગભરાટ અને તણાવ વધવા લાગે છે. પરંતુ પરીક્ષાથી ડરવાની જરૂર નથી, તેને એક ઉત્સવ તરીકે ઉજવવી જોઈએ. પરીક્ષા એ તમારા જ્ઞાન અને મહેનતને પરખવાની એક પારાશીશી માત્ર છે, એક માધ્યમ માત્ર છે. પરીક્ષા તમ-ારી ક્ષમતાનું મૂલ્યાંકન કરવાની એક પ્રણાલી છે, જેનાથી તમને ખબર પડે કે, આખા વર્ષ દરમિયાન તમે કેટલું શીખ્યા અને ક્યા ક્ષેત્રમાં સુધારાની જરૂર છે?

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ પરીક્ષા પહેલાં વિદ્યાર્થીઓ સાથે 'પરીક્ષા પે ચર્ચા' કરી રહ્યા છે. આપણું સૌભાગ્ય છે કે, દેશના વડાપ્રધાન સ્વયં વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરીને તેમને પરીક્ષાના તણાવથી મુક્ત થવા માટે પ્રેરણા આપી રહ્યાં છે. વિદ્યાર્થીઓએ પરીક્ષાથી ડરવાની જરૂર નથી. આત્મવિશ્વાસ અને હકારાત્મક વિચારોથી જ સફળતા પ્રાપ્ત થઈ શકે. પોતાને કદી પણ નબળા કે હીન ન સમજવા જોઈએ. આખા વર્ષના પરિશ્રમનું જ પરિણામ પરીક્ષામાં દેખાય છે, તેથી ગભરાવ-ાની જરૂર નથી. હંમેશા યાદ રાખો કે પરીક્ષા તમારી ક્ષમતાનું મૂલ્યાંકન કરવાની પ્રક્રિયા છે. વર્ષ દરમિયાન તમે જે ભણ્યા છો, જે કંઈ વાંચ્યું છે, તેને યોગ્ય રીતે યાદ કરવાનો આ શ્રેષ્ઠ સમય છે. પરીક્ષાથી આતંકિત થવાને બદલે તેને આત્મમૂલ્યાંકનના અવસર તરીકે જુઓ. આત્મવિશ્વાસ અકબંધ રાખો અને કોઈ પણ પ્રકારની નબળાઈને તમારા મનમાં પ્રવેશ ના આપો.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે માહિતી આપતા જણાવ્યું હતું કે, પરીક્ષા હોલમાં પ્રવેશતાં પહેલા કેટલીક મહત્વપૂર્ણ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ જેમાં આધ્યાત્મિક શાંતિ  પરીક્ષા ખંડમાં પ્રવેશતાં તમારા ઈષ્ટદેવ અથવા પરમાત્માનું સ્મરણ કરો અને મનને શાંત કરો. પ્રશ્નપત્ર ધ્યાનપૂર્વક વાંચો, તેને બરોબર સમજો અને જે પ્રશ્નોમાં તમે વધુ નિપુણ હો, તેને પહેલા ઉકેલો. જો કોઈ પ્રશ્ન અઘરો લાગે તો ગભર-ાશો નહિ, પહેલાં સહેલા અને સરળ પ્રશ્નો ઉકેલો.

આમ કરવાથી તમારો આત્મવિશ્વાસ વધશે અને ટેન્શન નહીં અનુભવાય. એવીજ રીતે સમયનું યોગ્ય આયોજન કરો  પરીક્ષા દરમિયાન સમયનું યોગ્ય આયોજન કરવું ખૂબ જ આવશ્યક છે. સાથોસાથ તણાવમુક્ત રહો પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારનો ભય રાખશો નહિ. જેમ તમે દરરોજ વર્ગમાં અભ્યાસ કરતા હતા તેમ આ પણ એક સામાન્ય પ્રક્રિયા છે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે માણસનો સૌથી મોટો દુશ્મન તેની આળસ છે.

જે મહેનત કરે, તેને ચોક્કસ સફળતા મળે છે. મહાન વિદ્વાનોએ કહ્યું છે માત્ર ઈચ્છા રાખવાથી કોઈ કાર્ય સિદ્ધ થતાં નથી, મહેનત કરવાથી જ સફળતા પ્રાપ્ત થાય છે. જેમ કે, સિંહ પણ જો સૂતો રહે, તો તેનો શિકાર સ્વયં આવીને તેના મુખમાં પ્રવેશતો નથી.વિદ્યાર્થીઓએ પરીક્ષાની તૈયારી દરમિયાન વાંચવાની સાથે સાથે લખવાનો પણ પૂરતો અભ્યાસ કરવો જોઈએ. જે કંઈ યાદ કર્યું છે, સ્મરણમાં છે તેને લખીને વધુ દ્રઢ કરવું જોઈએ. જેથી લખવાની પ્રેક્ટિસ થાય અને ઝડપ પણ જળવાઈ રહે. આમ કરવાથી પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકાશે.

રાજ્યપાલે બાળકોને સૂચિત કરતા કહ્યું કે હાલના નવયવાનો માર્ક્સ પાછળ ડોટ લગાવે છે જે ખોટું છે . ઘણા વિદ્યાર્થીઓ માનતા હોય છે કે, ફક્ત સારા માર્કસ જ સફળતાની ચાવી છે, પણ એવું નથી. ઈતિહાસ સાક્ષી છે કે, ઘણાં એવા મહાન વિદ્વાનો અને ઉદ્યોગપતિઓ છે, જેમણે શાળામાં ઉત્તમ પરિણામ ના મેળવ્યા હોય, પણ જીવનમાં સફળતાના મહાન શિખરો સર કર્યા હોય. પ્રત્યેક વ્યક્તિને પોતાની વિશેષતાની ઓળખ હોવી જોઈએ. દરેક વ્યક્તિમાં વિશેષ પ્રતિભા રહેલી જ છે. જરૂર છે માત્ર તેને જાણવાની અને નિખારવાની. નિષ્ફળતાથી નિરાશ થઈને ગભરાઈ જવ-ાની જરૂર નથી. નિષ્ફળતામ-ાંથી બોધ લઈને આગળ વધવું જોઈએ. જે વ્યક્તિ નિષ્ફળ-તાથી ડરતો નથી,  જીવનમાં તે જ નવી ઊંચાઈઓ સર કરી શકે છે.

પરીક્ષા તમારા જ્ઞાનનું મૂલ્યાંકન કરવાનું એક માધ્યમ માત્ર છે.

તેનાથી ડરવાની કે ભયભીત થવાની લેશમાત્ર જરૂર નથી. સખત મહેનતથી કોઈપણ વિદ્યાર્થી સારા માર્કસ મેળવી જ શકે છે. મા-તા-પિતા અને ગુરુજનોનું સતત માર્ગદર્શન મેળવતા રહો. તમારો પરિશ્રમ અને પ્રમાણિકતા તમને જીવનમાં જરૂર પ્રગતિના પંથે લઈ જશે. મહેનત કરો, આત્મવિશ્વાસ જાળવી રાખો અને સફળતાની દિશામાં આગળ વધો.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# ૪૦ ટકાનો સર્વે કરો

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં નિર્ણાયક મતદારો મતથી દૂર રહ્યા, કારણ જાણો



ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મોટાભાગે શાંતિપૂર્ણ મતદાન થયું હતું. અમુક ગજબની ઘટનાઓ પણ નોંધાઈ હતી. મહેમદાવાદમાં પ્રિસાઈડિંગ ઓફિસર નશાની હાલતમાં ઝડપાયા હતા. ડમ ડમ અધિકારી મીડિયા સામે લથડીયા ખાતા હતા, તે દશ્યો ગુજરાતની દશાના દર્શન કરાવતા હતા. જો કે આપણી લોકશાહીને કંઈક જુદો નશો ચડ્યો છે. મત આપવો એ આપણી ફરજ અને અધિકાર બંને છે. વિશ્વની સૌથી મોટી લોકશાહીમાં મતદાર હોવું એ ગૌરવની બાબત પણ છે. શાસન કોને સોંપવું એ મતદારે નક્કી કરવાનું હોય છે. મતદારો પાસે આ સૌથી મોટું શસ્ત્ર ગણાય.

જોકે ગઈકાલના ગુજરાતમાં થયેલા મતદાનના આંક પર નજર કરો તો સરેરાશ ૫૬ થી ૬૦ ટકા મતદાન થયું છે. આ મત પ્રવાહને સામાન્ય ગણવામાં આવે છે, વાસ્તવમાં આઘાતજનક ઘટના ગણાય. સામાન્ય રીતે પાંચ - દસ ટકા મતથી હાર-જીત થતી હોય છે.

વિચાર તો કરો- ૪૦ ટકાથી વધારે મતદારો મત આપવા જ ન ગયા. લાખો ગુજરાતી મતદારો મત આપવાથી વંચિત રહ્યા. આ સામાન્ય ઘટના ન જ ગણાય. જોકે દરેક ચૂંટણીમાં ઓછું મતદાન થતું હોય છે. આ કારણે ઓછા મતદાનને રૂટીન ઘટના ગણવાની મીડિયા પરંપરા થઈ ગઈ છે.

લોકો મત આપી શકે તે માટે કરોડો રૂપિયાનો ખર્ચ થતો હોય છે. મહાકાય આયોજનો અને વિરાટ તંત્ર ધંધે લાગ્યું હોય છે. આટલી તૈયારી બાદ મતદારો નિર્ણાયક સંખ્યામાં મત આપવાનો આવે તે અંગે ગંભીર બનવું જરૂરી છે. ચૂંટણીનો માહોલ હોય ત્યારે આવા મુદ્દે થોડી ચર્ચા થતી હોય છે. અમુક ચિંતકો અનુમાનો કરીને કારણો આપતા હોય છે.

આવી ચર્ચા વાસ્તવમાં ટાઈમપાસ જેવી હોય છે. આ અંગે નિર્ણાયક વર્ક થવું જોઈએ. એકાદ પ્રયાસ હટકે કરવો જરૂરી છે. મતદાન પૂર્વે અનેક પ્રકારના સર્વે થતા હોય છે. કોની સત્તા આવશે તે અંગેના અનુમાનો જાહેર થતા હોય છે. જે લોકો મત આપવા નથી જતા એ લોકોનો ચૂંટણી બાદ સટિક સર્વે કરીને વાસ્તવિક કારણો જાણવા જોઈએ.

આ કારણો જાણ્યા બાદ તેના નિકાલના નિષ્ઠાપૂર્વક પ્રયાસો કરવા જોઈએ. ટાઈમપાસ ને બદલે નિર્ણાયક કામ કરીને લોકશાહીને વધારે મજબૂત કરવી જરૂરી છે. આ ઉપરાંત ચૂંટણી પંચની પણ જવાબદારી ફિક્સ થવી જોઈએ. ચૂંટણી પ્રક્રિયા શરૂ થઈ જાય ત્યારે ચૂંટણી પંચ ફૂલ પાવરમાં હોય છે. પાવરથી કામ પણ થતા હોય છે, પરંતુ ચૂંટણી પંચની મુખ્ય જવાબદારી વધારેમાં વધારે મતદાન થાય તેવી હોવી જોઈએ. ૮૫ ટકાથી ઓછું મતદાન થાય તો એ બેઠક પરની ચૂંટણી અમાન્ય જાહેર થવી જોઈએ. લોકશાહી વધારે મજબૂત બને તે માટે ઠોસ પ્રયાસ કરવો અનિવાર્ય છે.



પુ ભક્તિ સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# દેશના વિકાસ માટે હિન્દુઓએ થવું પડશે સંગઠિત : ભાગવત

## RSS સુપ્રીમો મોહન ભાગવતે બંગાળમાં રેલી સંબોધન દરમિયાન કહ્યું, હિન્દુ ધર્મએ વિશ્વની વિવિધતાને સ્વીકારી છે

નવીદિલ્હી, તા. ૧૬

RSS ચીફ મોહન ભાગવત હાલમાં બંગાળમાં એક રેલીને સંબોધિત કરી રહ્યા છે. તેમણે કહ્યું કે હિંદુ ધર્મ વિશ્વની વિવિધતાને સ્વીકારીને આગળ વધે છે. આજકાલ આપણે વિવિધતામાં એકતા કહીએ છીએ, હિન્દુ સમજે છે કે એકતા એ વિવિધતા છે. અહીં કોઈ રાજાઓ અને સમ્રાટોને યાદ કરતું નથી, પરંતુ તે રાજાને યાદ કરે છે જેણે તેના પિતા માટે ૧૪ વર્ષનો વનવાસ વિતાવ્યો હતો, જેણે તેના ભાઈની ગાદી સંભાળીને પાછા ફર્યા બાદ તેના ભાઈને રાજ્ય આપ્યું હતું. આ જાહેર સભા કલકત્તા હાઈકોર્ટની મંજૂરી બાદ યોજાઈ રહી છે. અગાઉ બંગાળ પોલીસે રેલી યોજવાની પરવાનગી આપી ન હતી. મોહન ભાગવતે વધુમાં કહ્યું કે, સિકંદરના સમયથી શરૂ થયેલા હુમલાઓ થતા રહ્યા, મુઠ્ઠીભર અસંસ્કારીઓ આવે છે, તેઓ આપણાથી ચડિયાતા નથી પણ આપણા પર રાજ કરે છે. આવું વારંવાર થાય છે, તેઓ પોતાની વચ્ચે વિશ્વાસઘાત ઈચ્છે છે, સમાજને સુધારવો પડશે. આ અંગ્રેજોએ બાંધેલો દેશ નથી, ગાંધીજીના એક પુસ્તકમાં એક યુવક પૂછે છે કે ભારત કેવું હશે? અંગ્રેજોએ તમને શીખવ્યું છે કે ભારત એક નથી.

મોહન ભાગવતે કહ્યું કે આપણે હિન્દુ સમાજને સંગઠિત કરવો પડશે, આજે પણ સમસ્યાઓ છે. સમય ગમે તેટલો સારો હોય, સમસ્યાઓ હોય છે, નાની સમસ્યાઓ હંમેશા રહે છે. સમસ્યા શું છે તેનાથી કોઈ ફરક પડતો નથી, વ્યક્તિ સમસ્યાઓનો સામનો કરવા માટે કેટલી તૈયાર છે તે મહત્વનું છે. લોકોમાં એક આદત છે કે આપણે આપણું પોતાનું વર્તુળ બનાવીએ છીએ અને બીજાને તેનાથી દૂર રાખીએ છીએ, પરંતુ સંઘના સ્વયંસેવકો પોતાનું વર્તુળ વધારતા રહે છે. સંઘના સ્વયંસેવકો આ પ્રેક્ટિસ કરે છે. આ માત્ર



વિચારોથી નથી થતું, તેઓ દરરોજ શાળામાં આવે છે અને એકબીજા સાથે વાતચીત કરે છે, તેઓએ સાથે મળીને કામ કરવાનું છે. આ વિચારને મજબૂત બનાવે છે. સમગ્ર હિન્દુ સમાજની સાથે મળીને કામ કરવાની વ્યવસ્થાનું નામ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ છે. અમને આ કર્યાને ૧૦૦ વર્ષ થવાના છે.

મોહન ભાગવતે વધુમાં કહ્યું કે દેશમાં એક લાખ ૩૦ હજારથી વધુ સ્વયંસેવકો છે. તે કોઈની પાસેથી પૈસા લીધા વગર જાતે જ કામ કરે છે. એટલા માટે અમે કહી રહ્યા છીએ કે, અમે આ સફળ થવા માટે નથી કરી રહ્યા, અમે આ ભારતની પ્રગતિમાં અર્થપૂર્ણ યોગદાન આપવા માટે કરી રહ્યા છીએ. સંઘે તેમને ફક્ત મૂલ્યો અને વિચારો અને પ્રેરણા આપી છે. સંઘે એક જ કામ કરવાનું છે, સમાજને સંગઠિત કરવાનું અને સમાજનું નિર્માણ કરવાનું.

ભાગવતે કહ્યું કે ભારતમાં કોઈ રાજાઓ અને સમ્રાટોને યાદ કરતું નથી, પરંતુ એક એવા રાજાને યાદ કરે છે જે તેના પિતાના કહેવા પર ૧૪ વર્ષ માટે વનવાસમાં ગયો હતો, જેણે તેના ભાઈની પાદુકાઓ રાખી હતી અને પરત આવીને તેના ભાઈને રાજ્ય આપ્યું હતું.

આ લાક્ષણિકતાઓ ભારતને વ્યાખ્યાયિત કરે છે, જે આ લાક્ષણિકતાઓને અનુસરે છે તે હિન્દુ છે, જે સમગ્ર દેશની વિવિધતાને એક સાથે રાખે છે. અમે એવું કામ નહીં કરીએ જેનાથી કોઈને દુઃખ થાય. શાસકો, પ્રશાસકો અને મહાપુરુષો પોતાનું કામ કરે, દેશનું કામ કરવા સમાજે આગળ આવવું પડશે.

# મણીપુરમાં ગેરકાયદે ઊભી કરેલી ચેકપોસ્ટોને દૂર કરતું સુરક્ષા દળ

## ૨૦૨૩ માં રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૨ પર કુકી-ઝો સમુદાયના ગ્રામીણ સ્વયંસેવકો દ્વારા ચુરાચંદપુર જિલ્લામાં ગેરકાયદેસર ચેકપોસ્ટ સ્થાપિત કરવામાં આવી હતી

નવીદિલ્હી, તા. ૧૬

સુરક્ષા દળોએ મણિપુરના ઈમ્ફાલ-ચુરાચંદપુર રોડ પર ''ગ્રામીણ સ્વયંસેવકો'' દ્વારા સ્થાપિત ''ગેરકાયદેસર ચેકપોસ્ટ'' દૂર કરી છે, પોલીસે રવિવારે જણાવ્યું હતું. મે ૨૦૨૩ માં રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૨ પર કુકી-ઝો સમુદાયના ગ્રામીણ સ્વયંસેવકો દ્વારા ચુરાચંદપુર જિલ્લામાં ગેરકાયદેસર ચેકપોસ્ટ સ્થાપિત કરવામાં આવી હતી, જ્યારે રાજ્યમાં પ્રથમ વખત હિંસા ફાટી નીકળી હતી, જેથી ઈમ્ફાલ અને બિષ્ણુપુર ખીણ જિલ્લાના મેઈટી લોકોના પ્રવેશને રોકવા માટે. સંયુક્ત સુરક્ષા દળોએ ગઇ-૨ પર ચુરાચંદપુર જિલ્લામાં કપરાંગ અને એસ ક્વાર્ટર્સમાં સ્વયંસેવક ચેકપોસ્ટ હટાવી. સુરક્ષા દળોએ આ સ્થાનો પર નિયંત્રણ મેળવી લીધું છે અને જાહેર વાહનોની અવિરત અવરજવર સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. મણિપુરમાં વંશીય હિંસા જે મે ૨૦૨૩ માં શરૂ થઈ હતી તેના કારણે ઈમ્ફાલ ખીણમાં બહુમતી મેઈતેઇ સમુદાય અને આસપાસના પહાડીઓમાં કુકી-ઝો આદિવાસી જૂથો વચ્ચે ઘાતકી અથડામણ થઈ હતી, જેના પરિણામે ૨૫૦ થી વધુ લોકો માર્યા ગયા હતા અને હજારો લોકો વિસ્થાપિત થયા હતા. મણિપુર પોલીસે જણાવ્યું હતું કે સુરક્ષાની સ્થિતિમાં સુધારો થયા બાદ દળોએ વિસ્તાર પર નિયંત્રણ મેળવી લીધું છે અને હવે નાગરિક વાહનોની મુક્ત અવરજવર સુનિશ્ચિત કરવામાં આવશે. ૧૫ ફેબ્રુઆરીના રોજ, સંયુક્ત સુરક્ષા દળોએ ગઇ-૨ પર કપરાંગ અને ચુરાચંદપુરમાં એસ ક્વાર્ટર્સમાં સ્વયંસેવક ચેકપોસ્ટ હટાવી. આ ચોકીઓ સંઘર્ષની શરૂઆતથી જ અસ્તિત્વમાં હતી અને સુરક્ષાની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો હોવાથી હવે તેની જરૂર નથી. સુરક્ષા દળોએ આ સ્થાનોને પોતાના નિયંત્રણમાં લઈ





લીધા છે અને જાહેર વાહનોની મુક્ત અવરજવર સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. મણિપુર પોલીસે નિવેદનમાં જણાવ્યું હતું કે, કાયદા અમલીકરણ એજન્સીઓ અમારા હાઈવે પર વ્યવસ્થા અને સલામતી જાળવવા માટે પ્રતિબદ્ધ છે.

મે ૨૦૨૩ માં શરૂ થયેલી મણિપુરમાં વંશીય હિંસા ઈમ્ફાલ ખીણમાં બહુમતી મેઈતેઇ સમુદાય અને આસપાસની પહાડીઓમાં કુકી-ઝો આદિવાસી જૂથો વચ્ચે ઘાતકી અથડામણમાં પરિણમી, જેના પરિણામે ૨૫૦ થી વધુ લોકોના મોત થયા અને હજારો લોકો વિસ્થાપિત થયા. દરમિયાન, અન્ય એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે રાજ્યના વિધાનસભા ધારાસભ્યોને અજાણ્યા વ્યક્તિઓ દ્વારા કરવામાં આવેલા કપટપૂર્ણ કોલના સંબંધમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. મણિપુર પોલીસને રાજ્યમાં ચાલી રહેલી રાજકીય પરિસ્થિતિનો ફાયદો ઉઠાવીને રાજ્ય વિધાનસભાના ધારાસભ્યોને પ્રભાવિત કરવા અને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવા માટે અજાણ્યા વ્યક્તિઓ તરફથી છેતરપિંડીના કોલની ફરિયાદો મળી છે.

# ભારત-યુએસ સંરક્ષણ ડીલથી સંરક્ષણ ઉત્પાદનમાં થશે વધારો

## બંને દેશોએ આંતરરાષ્ટ્રીય આર્મ્સ ટ્રાફિક રેગ્યુલેશન્સ સહિત તેમના સંબંધિત શસ્ત્ર ટ્રાન્સફર નિયમોની સમીક્ષા કરવા સંમત

નવીદિલ્હી, તા. ૧૬

આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ આશા વ્યક્ત કરી છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની યુએસ મુલાકાત દરમિયાન હસ્તાક્ષર કરાયેલા ભારત-યુએસ સંરક્ષણ સોદાથી ભારતના સંરક્ષણ ઉત્પાદનમાં વધારો થશે અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન મળશે. ૧૦ વર્ષની યોજનાના વખાણ કરતા આર્મી ચીફે કહ્યું કે અમને ખૂબ જ સારા સમાચાર મળ્યા છે કે ૧૦ વર્ષની યોજના બનાવવામાં આવશે. સંયુક્ત ઉત્પાદનથી આપણા દેશમાં સંરક્ષણ ઉત્પાદનને ઘણો ફાયદો થશે. જનરલ દ્વિવેદી, જે વાર્ષિક પુનઃ કબજે સમારોહમાં હાજરી આપવા માટે નોઈડામાં હતા, તેમણે એ પણ રેખાંકિત કર્યું કે ભારતીય સેના માત્ર સુરક્ષા પ્રદાન કરવામાં જ નહીં પરંતુ રાષ્ટ્ર નિર્માણમાં પણ મોટી ભૂમિકા ભજવે છે. આ વર્ષે, ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ ૨૦૨૫ અને ૨૦૩૫ વચ્ચેના સમયગાળાને આવરી લેતા નવા ૧૦-વર્ષના સંરક્ષણ માળખા પર હસ્તાક્ષર કરવા માટે વાટાઘાટો શરૂ કરવા માટે તૈયાર છે.

એકવાર નવી દિલ્હી અને વોશિંગ્ટન વચ્ચે આ કરાર પર હસ્તાક્ષર થયા પછી, તે બંને દેશો વચ્ચે સંરક્ષણ સાધનો અને સેવાઓના સરળ ટ્રાન્સફરને સરળ બનાવશે, આખરે પ્રાપ્તિ પ્રક્રિયાઓમાં કાર્યક્ષમતાને પ્રોત્સાહન આપશે.

અગાઉ તેમની દ્વિપક્ષીય ચર્ચા દરમિયાન, પીએમ મોદી અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મજબૂત અને ગતિશીલ સંરક્ષણ ભાગીદારી પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી હતી, જેમાં બંને નેતાઓ આંતરરાષ્ટ્રીય આર્મ્સ ટ્રાફિક રેગ્યુલેશન્સ સહિત તેમના સંબંધિત શસ્ત્ર ટ્રાન્સફર નિયમોની સમીક્ષા કરવા સંમત થયા હતા. સમીક્ષા ટેક્નોલોજી શેરિંગ તેમજ સંરક્ષણ વેપારને સુવ્યવસ્થિત કરે તેવી શક્યતા છે. ભારતમાં યુએસ દ્વારા પૂરી પાડવામાં આવેલ સંરક્ષણ પ્રણાલીના જાળવણી અને સમારકામ પર પણ તેની સકારાત્મક અસર પડશે.

ઉલ્લેખનીય છે કે, 'સ્ટ્રેટેજિક ટ્રેડ ઓથોરાઈઝેશન-૧ (ઊઝઅ-૧)' સાથે ક્વાડ પાર્ટનર તરીકે ભારતની સ્થિતિએ પહેલાથી જ યુએસ સાથે સંરક્ષણ સહયોગ માટે તેની સ્થિતિ મજબૂત કરી છે.

યુ.એસ. ભારત સાથે સંરક્ષણ વેચાણ અને સહ-ઉત્પાદનનું વિસ્તરણ કરવાની પણ યોજના ધરાવે છે, જેમાં ''જેવેલીન'' એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલો અને ''સ્ટ્રાઈકર'' પાયદળ લડાઈ વાહનો માટે નવી પ્રાપ્તિ અને સહ-ઉત્પાદન પહેલનો સમાવેશ થાય છે. વધુમાં, બંને દેશો વધુ છ ઙ-૮ઈ મેરીટાઇમ પેટ્રોલ એરક્રાફ્ટની ખરીદીને અંતિમ સ્વરૂપ આપવા સંમત થયા છે, જે હિંદ મહાસાગર ક્ષેત્રમાં ભારતની દરિયાઈ દેખરેખ ક્ષમતાને વધારશે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## ગરીબી કોઈનાં પ્રભાવમાં આવે ત્યારે જ ધર્માંતરની પ્રવૃત્તિને વેગ મળે છે



મિત્રો- શુભ સવાર.

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. અહીં મ્યુનિકમા લગભગ એકપણ મંદિર નથી, અને અહીંની પ્રજા તો એક જ ધર્મને અનુસરે છે, એટલે એમ કહી શકાય કે ધર્મની રીતે આ લોકોમાં કોઈ ચડભડ નહીં થતી હોય! ત્યારે આપણને એમ લાગે કે હિન્દુસ્તાન એ બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર જાહેર કરીને કોઈ ભૂલ તો નથી કરીને! કારણ કે આપણે ત્યાં ધર્મના મતમતાંતરમાં બહુ વિવાદ થાય છે, અને એને કારણે આજની પેઢી ગુમરાહ થાય છે, અને વિદેશથી આકર્ષાઈને ત્યાં વસાવા નિર્ણય કરે છે. બાકી અહીં જેવુ આધુનિકરણ તો હવે લગભગ દરેક મેટ્રો સીટીમાં આપણે પણ થયું છે. ધર્મની રીતે જો એકતા આવે અને ૧૬૦ કરોડ માંથી ૧૦૦ કરોડ લોકો પણ જો હિન્દુત્વ માટે જાગી જાય, તો હિન્દુસ્તાન ની સકલ જુદી હોય! અથવા ધર્મની ઉપર રાષ્ટ્રનો ભાવ રાખે તો પણ આપણે હજી વધુ વિકાસ કરી શકીએ. રાજકારણ કે પછી અન્ય રીતે સદીઓથી ધર્મને નામે ભારતીય હિંદુ પ્રજાને ગુમરાહ કરવાની કોશિશ કરવામાં આવે છે. હમણાં તો કુંભમેળાને કારણે વિશ્વભરમાં હિન્દુ ધર્મની વાત થાય છે! અને ઘણા વિદેશીઓ પણ આપણી સંસ્કૃતિનો આ ભવ્ય નજારો જોવા આવે છે, જોકે હવે તો કુંભનું પણ વેપારીકરણ થયું છે, અને અખાડા આશ્રમ ને નામે ખૂબ કમાણી થાય છે! ખેર આપણે એ વિષય માં જવું નથી. પણ હકીકતમાં સાચાં હિન્દુ સનાતની સાધુ-સંતો એ આપણી સંસ્કૃતિના આભૂષણો છે. તેઓએ હંમેશા સમાજના હિત માટે પોતાનું જીવન કુરબાન કરી દીધું છે,અને નાનામાં નાના માણસો સુધી જઈને તેમને દિલાસો આપ્યો છે, તેમની જરૂરિયાતો વિશે જાણ્યું છે, અને તેનાથી પૂરું થાય તે કર્યું છે, અને એથી પણ વધુ આપણા સમાજને સાચા ધર્મ તરફ પ્રેરિત કર્યા છે. જોકે ભગવાન શંકરનું વરદાન છે કે હિન્દુ સનાતન ધર્મને કોઈ ખત્મ કરી શકશે નહીં, કારણ કે તેની સ્થાપના જ ખુદ ભગવાન શંકરે કરી છે. તેનાથી મોટાં સમર્થ કોણ હોય શકે? ભગવાન શંકર સર્જન વિસર્જન બંને પ્રકારના શુભ મંગલકારી ગુણ કે ભાવનું વહન કરનાર છે, એટલે કે આપણું શુભ કે મંગલ સર્જનમાં સમાયેલું હોય તો એ એ રીતે કલ્યાણ કરે, અને વિસર્જનમાં હિત સમાયુ હોય તો એ રીતે કલ્યાણ કરે. એટલે કે હિન્દુ રાષ્ટ્ર માટે એ આવાં વિરોધી ઓનું વિસર્જન પણ કરી શકવા સમર્થ છે. ભગવાન શ્રી રામની કથા એટલે કે રામકથાના સૌથી પહેલા ગાયક ભગવાન શંકર પોતે જ છે, એટલે કે આપણી સંસ્કૃતિ કે પાયામાં રહેલી રામરાજ્યની વાતનાં, રામ વિષે આપણે રામચરિત માનસ દ્વારા જાણી શકીએ છીએ. તો આજે બિનસાંપ્રદાયિકતા ને કારણે તથા અન્ય રીતે આપણો સમાજ કંઈ કંઈ રીતે ગુમરાહ થયો હતો,એ વિશે ચિંતનમાં વાત કરીશું.

સદીઓથી હિન્દુ કે ભારતીય સમાજમાં વર્ણની રીતે અને આર્થિક સદ્ધરતાની રીતે બહુ મોટો તફાવત જોવા મળે છે. એટલે કે કોઈ સોના ચાંદીના વાસણો જમવામાં વાપરે એટલું ધન હોય, અને કોઈને પાસે જમવા માટે થાળી પણ ન હોય, એવી પરિસ્થિતિ આપણા સમાજમાં આજની નથી, સદીઓથી ચાલી આવી છે, અને પોતાની પ્રાથમિક જરૂરિયાત પૂરી ન થાય એવાં લોકો આસાનીથી ગુમરાહ થઈ શકે છે. ભારતમાં વસતા આજનાં ખ્રિસ્તીઓનું મૂળ અંતે તો ભારતીય જ છે, એવું આપણને ઘણીવાર જાણવા મળે. કારણ કે એમની જરુરીયાત પૂરી કરી, અને એ ધર્મના વડાઓ એ તેમને પોતાના ધર્મથી પ્રભાવિત કર્યા. હવે બહુ સ્વાભાવિક વાત છે, કે કોઈ કપરી પરિસ્થિતિમાં જીવતું હોય, અને કોઈ મદદ કરે તો, તેને બહુ સારુ લાગે, અને તે તેના પ્રભાવમાં આવી જાય, અથવા તો આભાર કે ઋણ ચૂકવવા પણ કોશિશ કરે. ભારતમાં સૌથી પહેલી આ પ્રવૃત્તિ કલકત્તામાં શરૂ થઈ, કલકત્તામાં ખૂબ જ ગરીબી છે, અને એમની પ્રાથમિક જરૂરિયાત પૂરી કરીને એમને ખ્રિસ્તી ધર્મ અપનાવવા પ્રેરિત કર્યા. કોઈ કોઈ પર તો દબાણ થયાની વાતો પણ છે. આપણે વાતને સત્ય ન માનીયે, પરંતુ હકીકત તો છે જ, કે તેમની સમયે મદદ કરીને, પોતાના ધર્મથી પ્રભાવિત કર્યા. જો એ સમયે આવું કંઈક આપણી સંસ્કૃતિને મજબુત બનાવવા વિશે વિચાર્યું હોત તો, શક્ય છે પરિસ્થિતિ કંઈક જુદી હોત

બીજું એ સમયમાં સમાજના કહેવાતા હિન્દુઓને પોતાની શ્રીમંતાઈ વધારવામાં જ રસ હતો, અને અન્ય સેવક વર્ગના લોકો તેની ગુલામી કરતા રહે એમાં જ તેને રસ હતો. એટલે ભારતીય સમાજમાં જમીનદારીનું દૂષણ પણ ખૂબ જ ફૂલ્યુ ફાલ્યું હતું, અને આમ નાના વર્ણના તેમજ વર્ગના લોકોને જમીનો કે અન્ય વસ્તુ એકવાર ગીરવે મુકાય પછી જિંદગીભર એ ગીરવે જ રહેતી હતી, અને લોકો વ્યાજ પેટે પોતાની કમાણી શ્રીમંતને આપતા રહે, તોય મૂળ રકમ કે જમીન છૂટે નહીં, તો એ નાનાં વર્ગ કે વર્ણનો સમાજ ગુમરાહ ન થાત, અને પરિસ્થિતિ હિન્દુ વિચારધારા તરફી જ હોત!

આર્ય સંસ્કૃતિમાં સ્ત્રીને દેવીની ઉપાધિ આપવામાં આવી હતી, પરંતુ કાળક્રમે આ વાત ભુલાતી ગઈ, અને સ્ત્રીઓને સાધન સમજવામાં આવી. સમાજનો શ્રીમંત વર્ગ નાના વર્ગની સ્ત્રીઓને પોતાની ઐયાસીનું સાધન સમજવા લાગ્યો, અને આમ ગામની કે સમાજની બેન દીકરીઓની આબરૂ સુરક્ષિત ન રહી, અને એ સમયે જે કોઈ એ આવી સ્ત્રી કે મહિલા ના હિત કે તેના અધિકાર માટે વિચાર્યું, સ્વાભાવિક રીતે જ આ વર્ગના લોકો તેના પ્રભાવમાં આવી ગયાં,અને એને પરિણામે હિન્દુ વિચારધારાનું ધોવાણ થયું. એટલે બહુ ખેદ સાથે કહેવું પડે કે, અન્ય સંસ્કૃતિઓ એ કે અન્ય ધર્મનાં લોકો એ આપણી પર રાજ કર્યું એનું મુખ્ય કારણ આપણું આ સામાજિક અંતર વિષેની માન્યતા અને આંતરિક વિખવાદો જ હતાં.

પરંતુ સમયે આપણને ફરીને એ જ પરિસ્થિતિમાં લાવીને મૂકી દીધા છે, તો શું હજી પણ આપણે એ જ ભૂલ કરીશું? અંદર અંદરના વિખવાદો અને આવા એકબીજા પરનાં આક્ષેપો કરીને, આપણે પેલી બે વાંદરાઓની વાર્તા જેવું જ કરીએ છીએ. બે વાંદરા ને એક રોટલી મળી હતી, અને એમણે અડધાં ભાગ કરવાં માટે બિલાડીને કહ્યું, અને આપણે સૌ જાણીએ છીએ કે વાર્તાના અંતે વાંદરાના હાથમાં કટકો કટકો રોટલી પણ આવી નહીં. બિલાડી બધું ખાઈ ગઈ, તેમ અન્ય સંસ્કૃતિ કે અન્યના અન્ય ધર્મના લોકો બિલાડી બનીને આપણી સંસ્કૃતિ હડપ કરવા બેઠા છે, એ સત્ય જો એકવાર સમજાઈ જાય, તો જ સમાજના શુભચિંતકો એ જોયેલું હિન્દુ રાષ્ટ્રનું સ્વપન પૂરું થશે, સત્યને નજર અંદાજ કર્યા વગર જેટલું ઝડપથી સ્વીકારી લેશું, અને આપણાથી તિરસ્કૃત કે તરછોડાયેલા લોકો તરફ ઉદારતાથી, શૂરવીરતાથી, માનવતાથી, કે સહિષ્ણુતાથી,હાથ લંબાવવો પડશે, ત્યારે જ પરિસ્થિતિનો કોઈ હલ નીકળશે. એટલે કે એને સ્વીકારી ને સન્માન આપવું પડશે, એમની સમસ્યાને સમજવી પડશે, એમની જરુરીયાતો પૂરી કરવી પડશે,તો જ એ ગુમરાહ નહીં થાય. વિકાસની રીતે આપણે ખૂબ વિકાસ કર્યો,પણ એ બધી સગવડતા સૌને મળે છે ખરી? એ પણ વિચારવું પડશે, તો જ આપણે હવે હિન્દુ રાષ્ટ્ર બનાવી શકીશું! આપણે ગુમરાહ થતાં સમાજને સમજાવી શકીએ,અને ધર્મથી પણ ઉપર રાષ્ટ્રભાવ રાખીને એનો સર્વાંગી વિકાસ કરી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

# IPL-2025નું શિડ્યૂલ જાહેર

# RCB-KKR વચ્ચે રમાશે ૨૨ માર્ચે ઓપનિંગ મેચ

## ૬૫ દિવસમાં ૭૪ મેચ, ૧૨ ડબલ હેડર ઈડન ગાર્ડન્સ ખાતે ફાઈનલઃ સંપૂર્ણ શિડ્યૂલ

રાજકોટ મિરર તા. ૧૬: ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની ૧૮મી સીઝનનું શિડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે. બ્રોડકાસ્ટર સ્ટાર સ્પોર્ટ્સે સાંજે ૫:૩૦ વાગ્યે શિડ્યૂલ જાહેર કર્યું. મુંબઈ ઈન્ડિયન્સ (MI) અને ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) વચ્ચેનો એલ ક્લાસિકો ૨૩ માર્ચે ચેન્નઈમાં સાંજે ૭.૩૦ વાગ્યાથી રમાશે. બંને ટીમ ૨૦ એપ્રિલે મુંબઈમાં ફરી ટકરાશે.

ઓપનિંગ મેચ ૨૨ માર્ચે કોલકાતામાં ડિફેન્ડિંગ ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) વચ્ચે રમાશે. આ વખતે ૬૫ દિવસમાં ૭૪ મેચ રમાશે. ૧૮ મે સુધી ૭૦ લીગ સ્ટેજ મેચ રમાશે, જેમાં ૧૨ ડબલ હેડરનો સમાવેશ થશે. એટલે કે ૧ દિવસમાં ૨ મેચ ૧૨ વખત રમાશે. ફાઈનલ ૨૫ મેના રોજ કોલકાતામાં યોજાશે.

**હૈદરાબાદ અને કોલકાતામાં પ્લેઓફ મેચ રમાશે**

IPLમાં એક પરંપરા રહી છે કે ટુર્નામેન્ટની શરૂઆત અને ફાઈનલ મેચ ડિફેન્ડિંગ ચેમ્પિયન ટીમના હોમ ગ્રાઉન્ડ પર રમાય છે. આ વખતે પણ આ બંને મેચ કોલકાતાના ઇડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં રમાશે.

ફાઇનલ ૨૫ મેના રોજ યોજાશે, ક્વોલિફાયર-૨ પણ ૨૩ મેના રોજ કોલકાતામાં રમાશે.

ગયા સીઝનની રનર-અપ ટીમ સનરાઇઝર્સ હૈદરાબાદના હોમ ગ્રાઉન્ડ રાજીવ ગાંધી સ્ટેડિયમમાં બે પ્લેઓફ મેચ પણ યોજાશે. અહીં ક્વોલિફાયર-૧ ૨૦ મેના રોજ અને એલિમિનેટર ૨૧ મેના રોજ રમાશે. ૨૦૨૪ની ફાઈનલમાં, KKR એ SRHને ૮ વિકેટથી હરાવીને ત્રીજી વખત IPL જીત્યું હતું.

**આ સીઝનની પહેલી મેચ KKR Vs RCB**

કોલકાતા નાઈટ રાઈડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે ઈડ્કનો પહેલો મુકાબલો ૨૨ માર્ચે રમાશે.

**૨૩ માર્ચે પહેલો ડબલ હેડર**

૧૮મી સીઝનનો પહેલો ડબલ હેડર ટુર્નામેન્ટના બીજા દિવસે ૨૩ માર્ચે યોજાશે. SRH અને છછ હૈદરાબાદમાં બપોરે ૩.૩૦ વાગ્યે ટકરાશે. મુંબઈ અને ચેન્ના વચ્ચેની મેચ સાંજે ૭:૩૦ વાગ્યાથી રમાશે. આ પછી, ૩૦મી માર્ચે ડબલ હેડર થશે.

૫, ૬, ૧૨, ૧૩, ૧૯, ૨૦ અને ૨૭ એપ્રિલના રોજ દિવસમાં બે મેચ રમાશે. ડબલ હેડર ૪, ૧૧ અને ૧૮ મેના રોજ રમાશે. બધા ડબલ હેડર ફક્ત શનિવાર અથવા રવિવારે જ હશે.

અમદાવાદ, મુંબઈ, ચેન્નઈ, બેંગલુરુ, લખનઉ, મુલ્લાનપુર (મોહાલી), દિલ્હી, જયપુર, કોલકાતા, હૈદરાબાદ ૧૦ ટીમના હોમ ગ્રાઉન્ડ છે. આ ઉપરાંત, ગુવાહાટી, વિશાખાપટ્ટનમ અને ધર્મશાળા સહિત કુલ ૧૩ સ્થળોએ મેચ રમાશે.

આ ટુર્નામેન્ટમાં ૧૩ સ્થળોએ ૬૫ દિવસમાં ૧૦ ટીમ વચ્ચે ૭૪ મેચ રમાશે.

### ચેમ્પિયન્સ ટ્રોફીના ૧૨ દિવસ પછી IPL

ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલ ૯ માર્ચે યોજાશે. આના ૧૨ દિવસ પછી IPL શરૂ થશે. આનો અર્થ એ થયો કે ખેલાડીઓને યોગ્ય રીતે તૈયારી કરવા માટે ૨ અઠવાડિયા પણ નહીં મળે. ચેમ્પિયન્સ ટ્રોફી ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થશે. આ ટુર્નામેન્ટ પાકિસ્તાન અને દુબઈમાં યોજાવાની છે. ભારતનો પહેલો મુકાબલો ૨૦ માર્ચે બાંગ્લાદેશ સામે છે.



**ચેમ્પિયન્સ ટ્રોફી 2025 શિડ્યૂલ**

ભારતની મેચ

| તારીખ | કોની સામે | વેન્યૂ | ટાઇમ |
|---|---|---|---|
| 20 ફેબ્રુઆરી | બાંગ્લાદેશ | દુબઈ | 2:30 PM |
| 23 ફેબ્રુઆરી | પાકિસ્તાન | દુબઈ | 2:30 PM |
| 2 માર્ચ | ન્યૂઝીલેન્ડ | દુબઈ | 2:30 PM |

TATA IPL 2025 SEASON SCHEDULE
IPLT20.COM

| Match No | Match Day | Date | Day | Start | Home | Away | Venue |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 1 | 22-Mar-25 | Sat | 7:30 PM | Kolkata Knight Riders | Royal Challengers Bengaluru | Kolkata |
| 2 | 2 | 23-Mar-25 | Sun | 3:30 PM | Sunrisers Hyderabad | Rajasthan Royals | Hyderabad |
| 3 | 2 | 23-Mar-25 | Sun | 7:30 PM | Chennai Super Kings | Mumbai Indians | Chennai |
| 4 | 3 | 24-Mar-25 | Mon | 7:30 PM | Delhi Capitals | Lucknow Super Giants | Visakhapatnam |
| 5 | 4 | 25-Mar-25 | Tue | 7:30 PM | Gujarat Titans | Punjab Kings | Ahmedabad |
| 6 | 5 | 26-Mar-25 | Wed | 7:30 PM | Rajasthan Royals | Kolkata Knight Riders | Guwahati |
| 7 | 6 | 27-Mar-25 | Thu | 7:30 PM | Sunrisers Hyderabad | Lucknow Super Giants | Hyderabad |
| 8 | 7 | 28-Mar-25 | Fri | 7:30 PM | Chennai Super Kings | Royal Challengers Bengaluru | Chennai |
| 9 | 8 | 29-Mar-25 | Sat | 7:30 PM | Gujarat Titans | Mumbai Indians | Ahmedabad |
| 10 | 9 | 30-Mar-25 | Sun | 3:30 PM | Delhi Capitals | Sunrisers Hyderabad | Visakhapatnam |
| 11 | 9 | 30-Mar-25 | Sun | 7:30 PM | Rajasthan Royals | Chennai Super Kings | Guwahati |
| 12 | 10 | 31-Mar-25 | Mon | 7:30 PM | Mumbai Indians | Kolkata Knight Riders | Mumbai |
| 13 | 11 | 01-Apr-25 | Tue | 7:30 PM | Lucknow Super Giants | Punjab Kings | Lucknow |
| 14 | 12 | 02-Apr-25 | Wed | 7:30 PM | Royal Challengers Bengaluru | Gujarat Titans | Bengaluru |
| 15 | 13 | 03-Apr-25 | Thu | 7:30 PM | Kolkata Knight Riders | Sunrisers Hyderabad | Kolkata |
| 16 | 14 | 04-Apr-25 | Fri | 7:30 PM | Lucknow Super Giants | Mumbai Indians | Lucknow |
| 17 | 15 | 05-Apr-25 | Sat | 3:30 PM | Chennai Super Kings | Delhi Capitals | Chennai |
| 18 | 15 | 05-Apr-25 | Sat | 7:30 PM | Punjab Kings | Rajasthan Royals | New Chandigarh |
| 19 | 16 | 06-Apr-25 | Sun | 3:30 PM | Kolkata Knight Riders | Lucknow Super Giants | Kolkata |
| 20 | 16 | 06-Apr-25 | Sun | 7:30 PM | Sunrisers Hyderabad | Gujarat Titans | Hyderabad |
| 21 | 17 | 07-Apr-25 | Mon | 7:30 PM | Mumbai Indians | Royal Challengers Bengaluru | Mumbai |
| 22 | 18 | 08-Apr-25 | Tue | 7:30 PM | Punjab Kings | Chennai Super Kings | New Chandigarh |
| 23 | 19 | 09-Apr-25 | Wed | 7:30 PM | Gujarat Titans | Rajasthan Royals | Ahmedabad |
| 24 | 20 | 10-Apr-25 | Thu | 7:30 PM | Royal Challengers Bengaluru | Delhi Capitals | Bengaluru |
| 25 | 21 | 11-Apr-25 | Fri | 7:30 PM | Chennai Super Kings | Kolkata Knight Riders | Chennai |
| 26 | 22 | 12-Apr-25 | Sat | 3:30 PM | Lucknow Super Giants | Gujarat Titans | Lucknow |
| 27 | 22 | 12-Apr-25 | Sat | 7:30 PM | Sunrisers Hyderabad | Punjab Kings | Hyderabad |
| 28 | 23 | 13-Apr-25 | Sun | 3:30 PM | Rajasthan Royals | Royal Challengers Bengaluru | Jaipur |
| 29 | 23 | 13-Apr-25 | Sun | 7:30 PM | Delhi Capitals | Mumbai Indians | Delhi |
| 30 | 24 | 14-Apr-25 | Mon | 7:30 PM | Lucknow Super Giants | Chennai Super Kings | Lucknow |
| 31 | 25 | 15-Apr-25 | Tue | 7:30 PM | Punjab Kings | Kolkata Knight Riders | New Chandigarh |
| 32 | 26 | 16-Apr-25 | Wed | 7:30 PM | Delhi Capitals | Rajasthan Royals | Delhi |
| 33 | 27 | 17-Apr-25 | Thu | 7:30 PM | Mumbai Indians | Sunrisers Hyderabad | Mumbai |
| 34 | 28 | 18-Apr-25 | Fri | 7:30 PM | Royal Challengers Bengaluru | Punjab Kings | Bengaluru |
| 35 | 29 | 19-Apr-25 | Sat | 3:30 PM | Gujarat Titans | Delhi Capitals | Ahmedabad |
| 36 | 29 | 19-Apr-25 | Sat | 7:30 PM | Rajasthan Royals | Lucknow Super Giants | Jaipur |
| 37 | 30 | 20-Apr-25 | Sun | 3:30 PM | Punjab Kings | Royal Challengers Bengaluru | New Chandigarh |

ગુવાહાટી રાજસ્થાન રોયલ્સ (RR)નું બીજું હોમ ગ્રાઉન્ડ છે, ટીમ અહીં ૨ મેચ રમશે. ટીમ અહીં ૨૬ માર્ચે કોલકાતા અને ૩૦ માર્ચે ચેન્નઈ સામે ટકરાશે.

ધર્મશાલા પંજાબ કિંગ્સ (PBKS)નું બીજું હોમ ગ્રાઉન્ડ છે. ટીમ અહીં ૩ મેચ રમશે. વિશાખાપટ્ટનમ દિલ્હી કેપિટલ્સ (DC)નું બીજું હોમ ગ્રાઉન્ડ છે. ટીમ અહીં ૨ મેચ રમશે. સનરાઇઝર્સ હૈદરાબાદનો પહેલો મુકાબલો ૨૩ માર્ચે બપોરે ૩.૩૦ વાગ્યે રાજસ્થાન રોયલ્સ સામે રમાશે. સનરાઇઝર્સ હૈદરાબાદનો પહેલો મુકાબલો ૨૩ માર્ચે બપોરે ૩.૩૦ વાગ્યે રાજસ્થાન રોયલ્સ સામે રમાશે. ચેન્નઈ અને મુંબઈએ સૌથી વધુ ટાઇટલ જીત્યા છે ઈડ્ક એ ભારતમાં રમાતી ફ્રેન્ચાઇઝ ક્રિકેટ ટુર્નામેન્ટ છે. તે દર વર્ષે માર્ચથી મે દરમિયાન T20 ફોર્મેટમાં રમાય છે. તેની શરૂઆત ૨૦૦૮માં ૮ ટીમ સાથે થઈ હતી. રાજસ્થાને ફાઈનલમાં ચેન્નાઈને હરાવીને પ્રથમ સીઝનનો ખિતાબ જીત્યો હતો. મુંબઈ ઈન્ડિયન્સ અને ચેન્નઈ સુપર કિંગ્સે સૌથી વધુ એટલે કે ૫-૫ ટાઇટલ જીત્યા છે. KKR ૩ ટાઇટલ જીતનાર ત્રીજી સૌથી સફળ ટીમ છે.

# વધુ ૧૫૭ ભારતીયો અમેરિકાથી ફર્યા પરત

## દેશનિકાલ કરાયેલ વ્યક્તિઓની ત્રીજી બેચ અમૃતસર પહોંચી : પંજાબના મુખ્યમંત્રીએ અમૃતસરમાં પ્લેન લેન્ડિંગ અંગે વ્યક્ત કર્યો વિરોધ



નવીદિલ્હી, તા, ૧૬

ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર હેઠળ ગેરકાયદેસર ઈમિગ્રેશન પર ચાલી રહેલી કાર્યવાહીના ભાગરૂપે ૧૫૭ ભારતીય દેશનિકાલ કરાયેલ વ્યક્તિઓની ત્રીજી બેચને લઈ જતું યુએસ લશ્કરી વિમાન રવિવારે પંજાબના અમૃતસર એરપોર્ટ પર ઉતરશે તેવી અપેક્ષા છે. મોટાભાગના દેશનિકાલ હરિયાણાના છે. શનિવારે રાત્રે મિલિટરી એરક્રાફ્ટમાં ૧૧૯ ભારતીયોને યુએસમાંથી દેશનિકાલ કરવામાં આવ્યા બાદ આ વાત સામે આવી છે. ૧૧૯ દેશનિકાલમાંથી, ૬૭ પંજાબના, ૩૩ હરિયાણાના અને અન્ય ગુજરાતના આઠ, ઉત્તર પ્રદેશના ત્રણ, ગોવા, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના બે-બે અને હિમાચલ પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીરમાંથી એક-એક હતા.

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં, બે પિતરાઈ ભાઈઓ સંદીપ અને પ્રદીપની પંજાબ પોલીસ દ્વારા એરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, તેઓ પંજાબના પટિયાલામાં એક હત્યા કેસમાં આરોપી હતા અને ગુનેગાર જાહેર કરવામાં આવ્યા હતા. પ્રારંભિક ૧૦૪ ભારતીય દેશનિકાલ ૫ ફેબ્રુઆરીના રોજ ઉતર્યા હતા, જે આ સ્વદેશ પરત ફરવાની શરૂઆત દર્શાવે છે. ત્યારથી, ભારતીય દેશનિકાલ ફ્લાઇટ્સ અમૃતસરમાં ઉતરાણ કરી રહી છે, અને આગામી બેચ એ જ માર્ગ લેશે.

પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માનને ચિંતા હતી કે અમૃતસરને દેશનિકાલ માટેના સ્થળ તરીકે મોકલવામાં આવી રહ્યું છે. આ પગલાની વિરુદ્ધ બોલતા, તેમણે કહ્યું, ''આપણા પવિત્ર શહેર (અમૃતસર)ને દેશનિકાલ કેન્દ્ર ન બનાવો... અમૃતસર સુવર્ણ મંદિર, દુર્ગિયાના મંદિર, રામ તીરથ મંદિર, જલિયાવાલા બાગ અને ગોવિંદગઢ કિલ્લા માટે પ્રખ્યાત છે. જો દેશનિકાલ કરાયેલા લોકો ત્યાંના હોત, તો શું તેઓ વાએ ડિપોર્ટેશન સિટીની ફ્લાઈટને મંજૂરી આપી શક્યા હોત?'' દેશનિકાલ કરાયેલ ૧૧૭માંથી ૬૫ પંજાબના, ૩૩ હરિયાણાના, આઠ ગુજરાતના, ૩ યુપીના, ૨ ગોવા, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના અને એક-એક હિમાચલ પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીરના છે. શનિવારના રોજ ભારત પહોંચેલા બે દેશનિકાલ કરાયેલા સંદીપ અને પ્રદીપ, જેઓ પિતરાઈ ભાઈ પણ છે, પંજાબ પોલીસે એરપોર્ટ પરથી ધરપકડ કરી હતી. તે પંજાબના પટિયાલામાં એક હત્યા કેસમાં વોન્ટેડ હતો. પોલીસે જણાવ્યું હતું કે બંને આરોપીઓ રાજપુરા શહેરના રહેવાસી છે અને હત્યાના કેસમાં પહેલાથી જ ગુનેગાર જાહેર કરવામાં આવ્યા છે.અમેરિકાથી ગેરકાયદેસર રીતે ભારત આવેલા ભારતીય ઈમિગ્રન્ટ્સને પરત લાવવાની ફ્લાઈટ્સ અમૃતસર એરપોર્ટ પર ઉતરી રહી છે. નિર્વાસિત લોકોનો નવો બેચ પણ તે જ સ્થળે ઉતર્યું. જો કે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને આ હેતુ માટે અમૃતસર એરપોર્ટનો ઉપયોગ કરવા સામે વાંધો વ્યક્ત કર્યો છે.

**દ્વિપક્ષીય સંબંધો, વેપાર, રોકાણ, ઉર્જા અને પ્રાદેશિક મુદ્દાઓ પર પણ થશે ચર્ચા : ભારતીય સમુદાય કતારનો સૌથી મોટો વિદેશી સમુદાય**

# કતારના આમીર તમીમ બિન હમદ અલ-થાની આજે ભારતના આંગણે

નવીદિલ્હી, તા. ૧૬

કતારના આમીર તમીમ બિન હમદ અલ-થાની વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આમંત્રણ પર ૧૭-૧૮ ફેબ્રુઆરીના રોજ ભારતની મુલાકાતે આવશે. વિદેશ મંત્રાલયે ૧૫ જાન્યુઆરીએ જારી એક નિવેદનમાં આ માહિતી આપી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અમીરની સાથે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ હશે, જેમાં મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ અને એક વેપારી પ્રતિનિધિમંડળ સામેલ હશે. મંત્રાલયે કહ્યું કે આ તેમની બીજી ભારત મુલાકાત હશે, પહેલી મુલાકાત માર્ચ ૨૦૧૫માં થઈ હતી. ૧૮ ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રપતિ ભવનમાં અમીરનું ઔપચારિક સ્વાગત કરવામાં આવશે. તેમની મુલાકાત દરમિયાન, તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે ચર્ચા કરશે, જેઓ તેમના સન્માનમાં ભોજન



સમારંભનું પણ આયોજન કરશે. તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય સંબંધો, વેપાર, રોકાણ, ઉર્જા અને પ્રાદેશિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે. ભારત અને કતાર વચ્ચે મિત્રતા, વિશ્વાસ અને પરસ્પર આદરના ઊંડા ઐતિહાસિક સંબંધો છે.

આ વર્ષની શરૂઆતમાં, વિદેશ પ્રધાન એસ જયશંકરે ૨૦૨૫ ની તેમની પ્રથમ રાજદ્વારી મુલાકાત માટે દોહાની મુલાકાત લીધી હતી, જ્યાં તેઓ કતારના વડા પ્રધાન અને વિદેશ પ્રધાન મોહમ્મદ બિન અબ્દુલરહમાન અલ થાનીને મળ્યા હતા. આ બેઠક બાદ જયશંકરે એક પોસ્ટમાં જણાવ્યું હતું નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે કતારમાં ભારતીય સમુદાય કતારનો સૌથી મોટો વિદેશી સમુદાય છે અને કતારની પ્રગતિ અને વિકાસમાં તેના સકારાત્મક યોગદાનની પ્રશંસા કરવામાં આવે છે. ભારત અને કતાર વચ્ચે મિત્રતા, વિશ્વાસ અને પરસ્પર આદરના ઊંડા ઐતિહાસિક સંબંધો છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે તાજેતરના વર્ષોમાં બંને દેશો વચ્ચેના સંબંધો સતત મજબૂત થયા છે, જેમાં વેપાર, રોકાણ, ઉર્જા, ટેકનોલોજી, સંસ્કૃતિ અને લોકો વચ્ચેના સંબંધોનો સમાવેશ થાય છે. કતારમાં રહેતો ભારતીય સમુદાય કતારનો સૌથી મોટો વિદેશી સમુદાય છે અને કતારની પ્રગતિ અને વિકાસમાં તેના સકારાત્મક યોગદાન માટે પ્રશંસા કરવામાં આવે છે.

''ભારત અને કતાર મિત્રતા, વિશ્વાસ અને પરસ્પર આદરના ઊંડા ઐતિહાસિક સંબંધોનો આનંદ માણે છે,'' વિદેશ મંત્રાલયે અમીરની મુલાકાતની જાહેરાત કરતા એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું. ''તાજેતરના વર્ષોમાં, વેપાર, રોકાણ, ઉર્જા, ટેકનોલોજી, સંસ્કૃતિ અને લોકો વચ્ચેના સંબંધો સહિતના ક્ષેત્રો સહિત બંને દેશો વચ્ચેના સંબંધો સતત મજબૂત થયા છે.'' ડિસેમ્બર ૨૦૨૪-જાન્યુઆરી ૨૦૨૫માં વિદેશ મંત્રી એસ જયશંકરની કતારની પ્રારંભિક મુલાકાત બાદ અમીરની મુલાકાત આવી છે. નવા વર્ષમાં જયશંકરની આ પ્રથમ વિદેશ યાત્રા હતી. અમીરની આ મુલાકાત નવી દિલ્હીની લૂક વેસ્ટ નીતિ વચ્ચે આવી છે જે પશ્ચિમ એશિયાના દેશો સાથે ભારતના સંબંધોના વિસ્તરણ અને વિસ્તરણની હિમાયત કરે છે. ૨૦૧૫ પછી અમીર અલ-થાનીની ભારતની આ બીજી રાજ્ય મુલાકાત હશે. ભારત અને કતારે આર્થિક, રાજકીય, સંરક્ષણ અને સાંસ્કૃતિક પરિમાણોને સમાવીને મજબૂત દ્વિપક્ષીય સંબંધો વિકસાવ્યા છે. ગાઝામાં ઇઝરાયેલ-હમાસ સંઘર્ષ જેવા પ્રાદેશિક વિકાસના સંદર્ભમાં આ ભાગીદારીને વધારાનું મહત્વ મળ્યું છે.

### પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ

# પાકા રસ્તાઓ બનાવવા મોવિયાનાં મહિલા સરપંચની નાયબ કા. ઈજનેર ને રજુઆત

## મોવિયાથી આજુબાજુના ગામોને રસ્તાને પાકા બનાવવાની તાતી જરૂરીયાત

રાજકોટ મિરર, ગોંડલ તા.૧૬

મોવિયાનાં મહિલા સરપંચે નાયબ કાર્યપાલક ઈજનેરને અટલ સડક યોજના હેઠળ એક ગામથી બીજા ગામને જોડતા પાકા રસ્તા બનાવવામાં મોવિયાથી આજુબાજુનાં ગામોને જોડતા પાકા રસ્તા બનાવવા રજુઆત કરી છે.

મોવિયાનાં સરપંચ કંચનબેન રોહિતભાઈ ખુંટે રજુઆતમાં જણાવ્યુ કે મોવિયા ઘોઘાવદર સીસીરોડમાં નાગધારે રુપાવટી બંધીયા રોડની ચોકડીનું કામ,બંધીયા રોડ ઘોઘાવદર ત્રિવેણી પાસેથી જુના ગેટથી વણકરવાસ બંધીયા રોડનું કામ,મોવિયાથી શિવરાજગઢ જતા રોડ પર ભાડેશ્વર નરગારાનાં ઓટા પાસેથી માંડણકુંડલા દેવચડી પીરની દરગાહ પાસેનો રોડ પાકો કરવા ઉપરાંત મોવિયાથી ડોરાનાં પુલ અને ધારથી બાંદરા થઇ ગોમટા જતો માર્ગ,મોવિયાથી રામોદનો માર્ગ પાકો કરવા, મોવિયા બંધીયા માર્ગ તથા બાંદરા જતા રસ્તે ખોખરીથી ગોંડલનો માર્ગ પાકો કરવા જણાવી મોવિયાનાં રેવન્યુ નકશામાં કાચા રસ્તાઓ બતાવ્યા હોય જમીન સંપાદનની જરૂરીયાત રહેતી ના હોય વહેલી તકે યોગ્ય કરવા જણાવાયું છે.

# બાલાશ્રમની પાંચ દિકરીઓનાં યોજાનાર લગ્નમાં દાતાઓ વરસી પડ્યા

## હવે કોઇ ચીજવસ્તુઓ નહી આપવા આયોજકો એ અપીલ કરવી પડી

રાજકોટ મિરર, ગોંડલ તા.૧૬

ગોંડલ નાં સાંસ્કૃતિક સર્જક અને પ્રજાવત્સલ રાજવી સર ભગવતસિહજીએ સ્થાપેલા અને હાલ નગરપાલિકા દ્વારા સંચાલીત બાલાશ્રમની પાંચ દિકરીઓનાં લગ્ન આગામી તા.૨ માર્ચ નાં શાહી ઠાઠમાઠ સાથે યોજાનાર છે. ત્યારે દિકરીઓનાં કરિયાવર માટે દાતાઓને અપીલ કરાઈ હોય દાતાઓ વરસી પડ્યા હતા.

પુર્વ ધારાસભ્ય જયરાજસિહ જાડેજાની દેખરેખ હેઠળ લગ્ન ની તડામાર તૈયારીઓ થઇ રહીછે. મુખ્ય આયોજક અશોકભાઈ પીપળીયા,મનસુખભાઈ સખીયા અને બાલાશ્રમનાં ચેરમેન અનિતાબેન રાજ્યગુરુએ જણાવ્યું કે વિવિધ દાતાઓ તરફથી કરિયાવરમાં એસી.ફ્રીજ,વોશિંગ મશીન, સોફાસેટ,સોના ચાંદીનાં દાગીના સહિત બસ્સોથી વધુ ચીજવસ્તુઓ મળીછે.હવે કોઇ વસ્તુઓ નહી આપવા અને દિકરીઓનાં નામની ફિક્સ ડિપોઝિટ કરવા નક્કી કરાયુ હોય આર્થિક યોગદાન આપવા અપીલ કરાઈ છે.આગામી તા.૨૪ નાં દિકરીઓની સગાઇનો પ્રસંગ બાલાશ્રમ ખાતે ધામધૂમપૂર્વક યોજાશે.

# મુસાફરોના ગજવા હળવા કરતી રીક્ષા ગેંગનો સંજય બાંભણીયા ઝડપાયો : બેની શોધખોળ

## LCB ઝોન -૨ ની ટીમને સફળતા : ૧.૧૨ લાખનો મુદ્દામાલ કરાયો કબજે






રાજકોટ, તા.૧૬

શહેરમાં રીક્ષા ગેંગ શક્રિય થઈને મુસાફરોના ગજવા હળવા કરતા હોવાની વ્યાપક ફરિયાદ બાદ પોલીસ હરકતમાં આવી હતી અને આ બાબતે સતત વોચ રાખી તપાસ આદરતા રીક્ષા ગેંગનો એક શખ્સ રૂ.૧.૧૨ લાખના મુદ્દામાલ સાથે પકડાઈ ગયો છે અને તેમની સાથે અન્ય બે શખ્શની પણ સંડોવણી હોવાનું કબુલતા એલસીબી ઝોન - ૨ ની ટીમે આ બંનેને શોધવા કવાયત આદરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરમાં ઘરફોડ, વાહન ચોરી તેમજ રીક્ષામાં પેસેન્જરના ખિસ્સામાંથી ચોરીના વધુ બનાવો બનતા હોવાથી આવા બનાવોના ભેદ ઉકેલવા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવાની સૂચના મુજબ ટીમ પેટ્રોલિંગમાં હતી. ત્યારે શીતલપાર્ક એરપોર્ટ દિવાલ પાસેથી શખ્સ આજીડેમ પાસે માંડા ડુંગરના ઢાળ પાસે ભીમનગર ચોક ખોડીયાર પાનની બાજુમાં રહેતા સંજય મગનભાઇ બાંભણીયા નામના શખ્શને દબોચી લઈને આકરી ભાષામાં પોલીસે પૂછપરછ શરુ કરતા સંજયે તેમની ટોળકીમાં અન્ય બે શખ્સની પણ સંડોવણી હોવાનું કબુલતા પોલીસે બંનેની શોધખોળ આદરી છે.

સંજયે પોલીસને સાગરીતોના આપેલા નામોમાં આજીડેમ પાસે માંડા ડુંગરના ઢાળ પાસે ભીમનગર ચોક ખોડીયાર પાનની બાજુમાં રહેતા ભુરા શામજીભાઇ સિંધવ અને ઢેબો સરાનીયાનો સમાવેશ થાય છે. આ ત્રિપુટીએ આશરે એકાદ મહિના પહેલા રૈયાચોકડી આગળથી પેસેન્જરને બેસાડી પેસેન્જરના ખિસ્સામાંથી રોકડા રૂ.૯,૦૦૦ની ચોરી, ૨૫ દિવસ પહેલા ગ્રીનલેન્ડ ચોકડીથી પેસેન્જરને બેસાડી મોરબી જકાતનાકા સુધીમાં પેસેન્જરના ખિસ્સામાંથી રોકડા રૂ.૫,૫૦૦ની, આશરે વીસેક દિવસ પહેલા માધાપર ચોકડીથી પેસેન્જરને બેસાડી શેઠનગર સુધીમાં પેસેન્જરના ખિસ્સામાંથી રોકડા રૂ.૩,૦૦૦ અને પાકીટની ચોરી તેમજ અલગ અલગ જગ્યાએથી પેસેન્જરોના ખિસ્સામાંથી પાકીટ તથા રોકડા રૂપીયાની ચોરી કરી હોવાનું કબૂલ્યું છે.

પોલીસના જણાવ્યા મુજબ સંજય અને ભૂરો અગાઉ પણ ગુનાઓમાં સંડોવાઈ ચુક્યા હતાં.

સંજય, ભુરો અને ઢેબો રીક્ષામાં બેસી નીકળી જેમાથી બે સાગરીત પાછળની સીટ પર બેસતા અને એક રીક્ષા ચલાવતો બાદ અલગ અલગ ચોકડી પાસે જઇ એકાદ પેસેન્જરને રીક્ષામાં બેસાડી ચાલુ રીક્ષાએ પાછળ બેસેલ એક શખ્સ ઉલ્ટી થતી હોવાનુ જણાવી ધકામુકી કરી બીજો શખ્સ પેસેન્જરના ખિસ્સામાંથી પાકીટ તથા રોકડા રૂપીયાની ચોરી કરવા ટેવાયેલા છે.

આ કામગીરી પીએસઆઈ આર.એચ. ઝાલા, હેડકોન્સ. રાજેશભાઇ મિયાત્રા, રાહુલભાઇ ગોહેલ, શકિતસિંહ ગોહિલ, હેમેન્દ્રભાઇ વાઘિયા, કોન્સ. કુલદીપસિંહ રાણા, ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. શબ્બીરભાઇ મલેક, કોન્સ. અમીનભાઇ ભલુર, પ્રશાંતભાઇ ગજેરાએ કરી હતી.

# પોલીસની CIMS એપ્લિકેશનને મળ્યો સિલ્વર એવોર્ડ મળ્યો




સ્કોચ ગ્રુપ દ્વારા એવોર્ડ આપીને પોલીસનું કરાયું સન્માન

રાજકોટ, તા.૧૬

શહેર પોલીસને સ્કોચ ગ્રુપ દ્વારા સિલ્વર એવોર્ડ મળ્યો છે. CIMS (CRIMINAL INTELLIGENCE AND MONITORING SYSTEM) એપ્લિકેશનને સ્કોચ ગ્રુપ દ્વારા ભારત સરકારના અલગ-અલગ વિભાગોને આપવામાં આવતા એવોર્ડ પૈકી પોલીસ એન્ડ સેફટી કેટેગરીમાં સિલ્વર એવોર્ડ મળ્યો છે.

સ્કોચ ગ્રુપ દ્વારા ભારત સરકારના અલગ-અલગ વિભાગોમાંથી સરકાર દ્વારા કરેલા સારા પ્રોજેકટો વિશે નોમીનેશન મંગાવવામાં આવે છે.

આ ગ્રુપ દ્વારા આ તમામ નોમીનેશન ઓનલાઇન એકત્રીત કરવામાં આવે છે. જે તે વિભાગ દ્વારા પુરષ્કાર માટેની પોતાના પ્રોજેકટને અનુરૂપ કેટેગરીમાં એપ્લાય કરવામાં આવે છે. આ તમામ માહીતી એકત્રીત કરી દરેક પ્રોજેકટનુ પ્રેજેન્ટેશન રાખવામાં આવે છે. ત્યારબાદ નકકી કરવામાં આવેલ જયુરી દ્વારા તમામ પ્રોજેકટનુ મુલ્યાંકન કરી તેનુ માર્કીંગ આપવામાં આવે છે. તેમાંથી માર્કીંગના આધારે શોર્ટલીસ્ટ થયેલા પ્રોજેકટનુ મુલ્યાંકન કરી ફાઇનલ વિજેતા ગોલ્ડ, સીલ્વર તથા પ્લેટિનમ એમ ત્રણ કેટેગરીમાં પુરષ્કાર આપવામાં આવે છે.

**શું છે CIMS એપ્લીકેશન?:-** રાજકોટ શહેર પોલીસ કમિશનરશ્રી બ્રઝેશકુમાર ઝા તથા અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) ડો.પાર્થરાજસિંહ ગોહીલના સુપરવિઝન હેઠળ, મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમ ભરત બી.બસીયાના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર પોલીસ દ્વારા શરીર સંબંધી તેમજ મિલકત સંબંધી ગુન્હાઓ આચરનાર શખ્સોની માહીતી સરળતાથી મળી રહે અને આવા ગુન્હાઓ આચરનારાઓની રોજીંદી પ્રવૃતી ઉપર વોચ રાખી શહેર વિસ્તારમાં બનતી ગુન્હાખોરી અટકાવવા માટે આધુનીક અને ડીજીટલ યુગમાં એક ડેટાબેઝ એપ્લીકેશનની જરૂરીયાત જણાતા રાજકોટ શહેર પોલીસ દ્વારા સીઆઈએમએસ એપ્લીકેશન કાર્યરત કરવામાં આવી છે અને આ એપ્લીકેશન અંતર્ગત કડીબધ્ધ ડેટા બેઝનો સમાવેશ કરવામાં આવે છે. આ એપ્લીકેશનના ઉપયોગથી રાજકોટ શહેરમાં અવાર-નવાર શરીર સબંધી તથા મીલ્કત સબંધી ગુન્હાઓ આચરતા આરોપીઓ પૈકી ગંભીર ગુન્હાઓ ચેક કરવાની કામગીરી કરવામાં આવે છે. ડોજીયર્સ મેન્ટર પ્રોજેક્ટ ઉપર આ એપ્લીકેશન દ્વારા તેઓને ચેક કરી તેઓની હાલની પ્રવ્રુતી ઉપર વોચ રાખી તેમજ દૈનીક અહેવાલ અને ક્રાઇમ મેપીંગની કામગીરીની ફાળવણી રિપોર્ટિંગ તેમજ જેલ રીલીઝ, જાહેરનામાં, વાહન ચોરી, ઔદ્યોગિક કામદારો, કારીગરો, શી ટીમ ઈ-સંકલન અને ફિલ્ડ પર કરવામાં આવતા કામગીરીને એક જ વિન્ડોમાં સરળતાથી લઇ શકાય છે આમ આ એપ્લીકેશન રાજકોટ શહેર પોલીસને ગુન્હેગારો પર મોનીટરીંગ રાખવામાં ખુબ જ મદદરૂપ થયેલ છે.

# દારૂની ૨૫ બોટલ સાથે ૨ ઝડપાયા

## રૂ. ૬૬,૮૦૮નો મુદ્દામાલ કબજે કરતી પી.સી.બી. અને થોરાળા પોલીસ

રાજકોટ મિરર તા.

શહેરના જૂદા જુદા વિસ્તારોમાં દારૂના બે દરોડામાં પોલીસે ૨૫ બોટલ સાથે બે શખ્સને, રૂ.૬૬,૮૦૮ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ પી.સી.બી પોલીસના કોન્સ્ટેબલ વિજયભાઈ મેતા, કુલદીપસિંહ જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે બાતમી મળી હતી કે, આબિદ જુણેજા નામનો શખ્સ શ્રીરામ પ્રોવિઝન સ્ટોર પાસે કેબિન પાછળ વિદેશી દારૂની બોટલો સાથે ઉભો છે. બાતમીવાળી જગ્યાએ પોલીસે પહોચી તપાસ કરતા ત્યાંથી પરસાણા નગર શેરી નંબર ૭માં રહેતો આબીદ નુરમહમદભાઈ જુણેજાને રૂ. ૧૬,૩૦૮ની દારૂની ૨૪ બોટલ સાથે ઝડપી લીધો હતો.

બીજા દરોડામાં થોરાળા પોલીસના કોન્સ્ટેબલ જયરાજસિંહ કોટીલા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે

જીજે ૦૩ એનએમ ૦૦૪૨ નંબરના બાઈક સાથે શંકાસ્પદ હાલતમાં ઉભેલા રાજારામ સોસાયટી, સાંદિપની સ્કૂલ પાસે રહેતો ધાર્મિક ખેંગારભાઈ અગારીયાને દારૂની એક બોટલ મળી રૂ. ૫૦,૫૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**જુગાર દરોડો**

એ ડીવીઝન પોલીસે પેટ્રોલિંગ દરમિયાન શાસ્ત્રી મેદાન પાસે પહોંચતા સુલભ શૌચાલય પાસે જાહેરમાં જુગાર રમતા ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા હતા. જેમાં ભગવતી પરામા રહેતો સોહીલ મજીદભાઈ સોરા, મોચી બજાર ખાટકી વાસમાં રહેતો સલીમ ગફારભાઈ બાબીયા, ધરમ નગર આવાસમાં રહેતો અમીન જહુરભાઈ સિસાંગીયાનો સમાવેશ હોવાનું પોલીસે જણાવ્યું હતું. પોલીસે રૂ.૪૦૫૦નો મુદ્દામાલ કબજે કરી ત્રણેય સામે કાર્યવાહી કરી હતી.

# ભાડલા પંથકની કુકડીયા વાડીમા જુગાર રમતા પાંચ ઝડપાયા

## રૂ.૧૧,૪૧૦નો મુદ્દામાલ કબ્જે કરતી ભાડલા પોલીસ

રાજકોટ મિરર તા.૧૬

ભાડલા પોલીસે બાતમીના આધારે પંથકમાં આવેલી કુકડીયા વાડીમાં જુગાર દરોડો પાડી ત્યાંથી ૫ શખ્સને રૂ. ૧૧૪૧૦ના મુદ્દામાલ સાથે પકડી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ ભાડલા પોલીસના સ્ટાફને બાતમી મળી હતી કે રાજાવડલા ગામેથી કનેશરા ગામ તરફ ભેટસુડા ગામ તરફ કાચા રસ્તે વાડી વિસ્તારમાં કુકડીયાની વાડીમાં જુગાર રમાય છે. પોલીસે દરોડો પડતા પકડાયેલા પાંચ શાખ્શમાં જસદણના રાજા વડલામાં રહેતો ભવાન રવજીભાઈ ધોળકિયા, કનેસરામાં રહેતો ચંકા બચુભાઈ મકવાણા, રાજાવડલા ગામમા રહેતા જયસુખ કુરજીભાઈ ધોળકિયા તેમજ રામજી મંદિર પાસે રહેતો ભુપત કાથડભાઈ રાઠોડ, બીજલ હકાભાઇ જમોડનો સમાવેશ હોવાનું પોલીસે જણાવ્યું હતું. પોલીસે દરોડા સમયે રૂ.૧૧૪૧૦નો મુદ્દામાલ કબજે કરી, પાંચેય સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

# ૧૧ હજારની ઉઘરાણી મામલે યુવાન પર ધોકાથી હુમલો

## ગીતાનગર નજીકનો બનાવ : ભક્તિનગર પોલીસમાં ગુન્હો



રાજકોટ મિરર તા. ૧૬

શહેરના વાણિયાવાડી ગીતા નગર પાસે રહેતા યુવાનને ૧૧ હજાર આપવાની બાબતે બોલાચાલી થતા શખ્શે ધોકા વડે હુમલો કરતા ભક્તિનગર પોલીસમાં ગુન્હો નોંધાયો છે.

પ્રાપ્ત વિગત મુજબ વાણીયાવાડી ગીતા નગરમાં રહેતા હિરેન કાંતિલાલ ખૂંટ(ઉ.વ.૪૧) એ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે તેઓ રિદ્ધિ સિદ્ધિ નામનો ભંગારનો ડેલો ચલાવી વ્યાપાર કરે છે. ગત તા.૧૪/૨/૨૦૨૫ના બપોરે ૪ વાગ્યા આસપાસ તેમના ડેલે હાજર હતા ત્યારે દામજી મેપા પ્લોટ પીપળીયા હોલ સહકાર નગર રોડ પર રહેતા તેમના મિત્ર પરેશ ગોવિંદભાઈ દાસોટિયા આવીને કહ્યું હતું કે તારે મને ૧૧,૦૦૦ આપવાના બાકી છે તે ક્યારે આપવાના છે? જેથી તેઓએ તા. ૧૫/૨/૨૦૨૫ના આપવાનું જણાવતા ગોવિંદે કહ્યું કે મારે અત્યારે જોઈએ છે કાલે નહીં તેમ કહી બોલાચાલી કરી ઝઘડો કરવા લાગ્યો હતો. અને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યો હતો. ત્યારે નજીકમાં પડેલા લોખંડના પાઇપ લઇ તેમના માથામાં મારી ગંભીર ઇજા પહોંચાડી હતી. અને શરીરના પીઠના ભાગે બંને હાથે ત્રણથી ચાર ઘા ઝીંકી દીધા હતા. માથામાં લોહી નીકળતા તેમની બાજુમાં ઉભેલ ઘનશ્યામભાઈ રબારી, અમર મહેશ્વરી, સહદેવ મછોયા, રાજ મકવાણા આવી ગયા હતા અને ઘનશ્યામ રબારીએ તેમને બાઈક પર બેસાડી તાત્કાલિક સારવાર અર્થે મધુરમ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. મારામારી કરનાર તેમના મિત્ર હોય જેથી તેમને ફરિયાદ કરી ન હતી. પરંતુ આજ સુધી સામેથી મળવા આવ્યા ન હતા અને સમાધાન માટે સહમત ન હતા. જેથી હોસ્પિટલથી રજા આપ્યા બાદ તેને પરેશ દાસોટિયા પર ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. આ સાથે પોલીસે શખ્શ પર ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# પ્રહલાદ પ્લોટમાં રહેતા વ્યાજખોર દંપતી સામે ગુન્હો

રાજકોટ મિરર તા ૧૬

વ્યાજખોરોને વ્યાજનું મુદ્દલ પરત કરી દીધું હોવા છતાં હજુ વ્યાજ બાકી છે તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપતા દંપતિ વિરુધ્ધ ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવાતા પોલીસે બંનેની શોધખોળ આદરી છે.

પ્રાપ્ત વિગત મુજબ જામનગર રોડ નાગેશ્વર પટેલ ચોક પાસે રહેતા ભરતકુમાર શિવલાલ વોરા (ઉ.વ.૬૩) એ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે તેમના પત્ની મીરાબેન અને પુત્ર પ્રશાંત તેમની બિલ્ડીંગમાં બાલાજી પાનકોર્ટના દુકાન ચલાવે છે. પ્રશાંતની પત્ની દિપાલી, તેમની દીકરી શિવન્યા(ઉ.વ.૪) અને ડાઈવોર્સી મોટી દીકરી અમી સાથે સંયુક્ત પરિવાર સાથે રહે છે.

૨૦૨૧માં વ્રજ રેસીડેન્સી પ્રહલાદ પ્લોટમાં રહેતા બીનાબેન શૈલેષભાઈ ડાભી તેમની દીકરી અમીના બહેનપણી હોવાથી વાત કરી હતી કે તેણીનો પતિ શૈલેષ વ્યાજે રૂપિયા આપવાનું કામ કરે છે.




ત્યારબાદ તા. ૦૧/૦૯/૨૦૨૧ના રોજ શૈલેષભાઈ પાસેથી રૂ.૧,૫૦,૦૦૦ પાંચ ટકાના માસિક વ્યાજે લીધા હતા. જે તેને ૨.૫ ટકા વ્યાજ ઓનલાઈન તથા ૨.૫ ટકા વ્યાજ રોકડા ભરતા હતા. ત્યારબાદ તેમના દીકરાના ધંધા માટે ૨૦૨૨ માં કટકે કટકે ૫૦,૦૦૦ બીજા પણ લીધા હતા. ત્યારે સિક્યુરિટી પેટે તેમના પત્નીનો સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાનો ૨ લાખની રકમનો તારીખ વગરનો ચેક આપેલ હતો. ૨૦૨૩માં કટકે કટકે ૧,૫૦,૦૦૦ રૂપિયા અને ૨૦૨૪માં ૩,૦૦,૦૦૦ રૂપિયા લીધા હતા. આમ કુલ રકમ ૬,૫૦,૦૦૦ વ્યાજએ લીધા હતા. અને આ તમામ રૂપિયા તેમને રોકડા આપેલ હતા પણ આ બાબતનું કોઈ લખાણ કે કરાર કરેલ ન હતું.

ભરતભાઈએ જણાવ્યું હતું કે તેમને આજ દિન સુધી શૈલેષભાઈ ડાભી અને તેમના પત્ની બીનાબેન ડાભીએ

> “મુદ્દલ આપી દીધું હોવા છતાં વધુ વ્યાજની પઠાણી ઉઘરાણી કરી આપી મારી નાખવાની ધમકી : નાગેશ્વરમાં રહેતા વૃદ્ધની ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ”

કટકે કટકે ઓનલાઇન ૪૯,૫૦૦ અને શૈલેષભાઈ ડાભીને કટકે ૧,૪૩,૩૫૦ અને ૧,૯૨,૮૫૦ ઓનલાઈન અથવા રોકડ ૪,૬૨,૦૦૦ મળી કુલ ૬,૫૪,૮૫૦ રૂપિયા પરત આપી દીધા છે.

છતાં પણ વ્યાજખોર શૈલેષભાઈ ફોનમાં ગાળો ભાંડી ક હજુ વ્યાજ અને મુડી આપવાની બાકી છે તેવું કહેતા અને જાનથી મારી નાખવાની ધમકી અવારનવાર આપી હેરાન કરતા હતા. ગત તા. ૧૯/૧/૨૦૨૫ના રોજ શૈલેષભાઈના મોબાઈલ પર વ્યાજખોર શૈલેશ ડાભી અને બીના ડાભી જણાવ્યું હતું કે પૈસા નહિ આપો તો જાનથી મારી નાખીશું તેવી ધમકીઓ આપી હતી.

આમ હજુ વધુ રૂપિયાની માંગણી કરતા હોય શૈલેષ બાબુ ડાભી અને તેમના પત્ની બીનાબેન શૈલેષભાઈ ડાભી સામે ફરિયાદ નોંધાવતા ગાંધીગ્રામ પોલીસે વ્યાજખોર દંપતી સામે ગુન્હો નોંધી બંનેની શોધખોળ આદરી છે.

અમેરિકાએ ભારતને આપ્યો ઝટકો

# મતદાર જાગૃતિ વધારવા ૧૭૮ કરોડની સહાય રકમ પર મૂકી ''કાતર''

## ભારતીય જનતા પાર્ટીએ આપી પ્રતિક્રિયા કહ્યું, ભારતની ચૂંટણી પ્રક્રિયામાં બાહ્ય હસ્તક્ષેપ

નવીદિલ્હી, તા. ૧૬

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટ હેઠળ એલન મસ્કની આગેવાની હેઠળના સરકારી કાર્યક્ષમતા વિભાગ (DOGE)એ રવિવારે સરકારી ખર્ચમાં કાપની જાહેરાત કરી હતી, જેમાં ભારતમાં મતદાર જાગૃતિ વધારવા માટે ૨૧ મિલિયન (૧ અબજ ૮૦ કરોડ)ની પ્રસ્તાવિત સહાય રકમ પણ રોકી દેવામાં આવી છે. ભારતીય જનતા પાર્ટી (BJP)એ આ નિર્ણય પર આકરી પ્રતિક્રિયા આપી અને તેને ભારતની ચૂંટણી પ્રક્રિયામાં બાહ્ય હસ્તક્ષેપ ગણાવ્યો. ભાજપના નેતા અમિત માલવિયાએ ભારતમાં મતદાર મતદાન માટે ફાળવેલ ભંડોળ રદ કરવાના ઉઘત્રક્ષી ના નિર્ણય પર પ્રતિક્રિયા આપી. પર પોસ્ટ કરી રહ્યું છે આનો ફાયદો કોને થતો હતો? ચોક્કસપણે શાસક પક્ષ નથી!

મસ્કે આંતરરાષ્ટ્રીય અનુદાનમાં કાપ હેઠળ આ નિર્ણય લીધો છે, જેની સીધી અસર ભારત, બાંગ્લાદેશ અને મોઝામ્બિક જેવા ઘણા દેશોના કાર્યક્રમો પર પડી છે. DOGE એ ભારતમાં મતદાન વધારવા માટે ૨૧ મિલિયન, બાંગ્લાદેશમાં રાજકીય લેન્ડસ્કેપને મજબૂત કરવા ૨૯ મિલિયન, મોઝામ્બિકમાં સ્વૈચ્છિક પુરૂષ સુન્નત કાર્યક્રમ માટે ૧૦ મિલિયન, નેપાળમાં ''ફિસ્કલ ફેડરલિઝમ'' અને ''જૈવવિવિધતા સંરક્ષણ'' માટે ૩૯ મિલિયન સહિત ઘણા દેશોની સહાયને પણ અવરોધિત કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈલોન મસ્ક વચ્ચેની તાજેતરની બેઠકમાં ઈનોવેશન, સ્પેસ એક્સપ્લોરેશન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ટકાઉ વિકાસ સહિતના અનેક મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. આ દરમિયાન બંને નેતાઓએ ટેકનિકલ સહયોગ વધારવા અને સુશાસન પર પણ ચર્ચા કરી હતી.



DOGE ની સ્થાપના ટ્રમ્પ વહીવટ હેઠળ સરકારી ખર્ચ ઘટાડવા માટે કરવામાં આવી હતી, જે સતત સરકારી ખર્ચમાં ઘટાડો કરી રહી છે.

જો કે, આ વિભાગને લઈને પણ વિવાદો થયા છે. DOGE છેલ્લા કેટલાક અઠવાડિયામાં સરકારી ખર્ચમાં નોંધપાત્ર ફેરફારોને અનુસરે છે ત્યારે આ પગલું આવ્યું છે.

ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા 'ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી' (DOGE) તરીકે ઓળખાતા પ્રયાસનો હેતુ સરકારી ખર્ચમાં ભારે ઘટાડો કરવાનો છે. ડિપાર્ટમેન્ટે ટ્રેઝરી પેમેન્ટ સિસ્ટમ જેવી કેટલીક જટિલ કમ્પ્યુટર સિસ્ટમ્સ ઍક્સેસ કરવાનો પ્રયાસ કર્યો છે, જેના પર અન્ય એજન્સીઓએ વાંધો ઉઠાવ્યો છે. DOGE છેલ્લા કેટલાક અઠવાડિયામાં સરકારી ખર્ચમાં નોંધપાત્ર ફેરફારોને અનુસરે છે ત્યારે આ પગલું આવ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા 'ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી' (DOGE) તરીકે ઓળખાતા પ્રયાસનો હેતુ સરકારી ખર્ચમાં ભારે ઘટાડો કરવાનો છે. ડિપાર્ટમેન્ટે ટ્રેઝરી પેમેન્ટ સિસ્ટમ જેવી કેટલીક જટિલ કમ્પ્યુટર સિસ્ટમ્સ ઍક્સેસ કરવાનો પ્રયાસ કર્યો છે, જેના પર અન્ય એજન્સીઓએ વાંધો ઉઠાવ્યો છે.



# હિંદ મહાસાગર વિશ્વની જીવનરેખા : જયશંકર

## આઠમી હિંદ મહાસાગર પરિષદમાં અનેકવિધ દેશોના વિદેશ મંત્રીઓ હાજર : 'માંડવી ટુ મસ્કતઃ ઈન્ડિયન કોમ્યુનિટી એન્ડ ઈન્ડિયા-ઓમાન શેર્ડ હિસ્ટ્રી' પુસ્તકનું વિમોચન

નવીદિલ્હી તા. ૧૬

વિદેશ મંત્રી એસ. જયશંકરે રવિવારે ઓમાની સમકક્ષ બદ્ર અલ્બુસૈદી સાથે વેપાર, રોકાણ અને ઉર્જા સુરક્ષાના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ અંગે વ્યાપક ચર્ચા કરી હતી. જયશંકર આઠમી હિંદ મહાસાગર પરિષદમાં ભાગ લેવા ઓમાનની રાજધાની મસ્કત પહોંચી ગયા છે. જયશંકરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર કહ્યું કે, ઓમાનના વિદેશ મંત્રી બદ્ર અલ્બુસૈદીને મળીને આનંદ થયો. ૮મી હિંદ મહાસાગર પરિષદનું સફળતાપૂર્વક આયોજન કરવા બદલ હું તેમના વ્યક્તિગત પ્રયાસોની પ્રશંસા કરું છું. તેમણે વધુમાં કહ્યું કે, અમે વેપાર, રોકાણ અને ઉર્જા સુરક્ષામાં સહયોગ અંગે વિગતવાર ચર્ચા કરી. બેઠક દરમિયાન, બંને નેતાઓએ ભારત અને ઓમાન વચ્ચેના રાજદ્વારી સંબંધોની ૭૦મી વર્ષગાંઠ નિમિત્તે લોગો પણ બહાર પાડ્યો હતો. તેમણે 'માંડવી ટુ મસ્કતઃ ઈન્ડિયન કોમ્યુનિટી એન્ડ ઈન્ડિયા-ઓમાનનો શેર્ડ હિસ્ટ્રી' પુસ્તકનું વિમોચન પણ કર્યું હતું.

જયશંકરે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘજી સાથે પણ મુલાકાત કરી અને દ્વિપક્ષીય સંબંધો અને ક્ષેત્રના વિકાસ અંગે ચર્ચા કરી. ત્યારપછી તેમણે બ્રુનેઈના વિદેશ મંત્રી દાતો ઈરવાન પેહિન યુસુફ સાથે પણ ચર્ચા કરી, જેમાં તેમણે ભારત-આસિયાન ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની ચર્ચા કરી. તેઓ ભુતાનના વિદેશ મંત્રી ડી.એન. ધુંગેલને પણ મળ્યા હતા અને દ્વિપક્ષીય સહયોગને આગળ વધારવા અંગે ચર્ચા કરી હતી. આ સિવાય તેઓ શ્રીલંકાના પૂર્વ રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેને પણ મળ્યા હતા. કોન્ફરન્સમાં જયશંકરે હિંદ મહાસાગરને વિશ્વની જીવનરેખા ગણાવ્યું હતું અને પ્રદેશના દેશોને એકબીજાને ટેકો આપવા, દળોમાં જોડાવા, વિકાસ, કનેક્ટિવિટી, દરિયાઈ અને સુરક્ષા ઉદ્દેશ્યોને પૂર્ણ કરવા માટે તેમની નીતિઓનું સંકલન કરવા અપીલ કરી હતી. ઓમાનમાં ભારતીયોનો મોટો સમુદાય છે. ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં, આ સંખ્યા લગભગ ૬૬૪,૭૮૩ હતી. ઓમાનની રાજધાની મસ્કતમાં ૧૬-૧૭ ફેબ્રુઆરીએ ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા ઈન્ડિયન ઓશન કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે.

તેમાં ભાગ લેવા માટે નેપાળના વિદેશ મંત્રી ડો.રાણા પણ પહોંચ્યા છે. આ સમારોહમાં ભાગ લેવા માટે બે ડઝનથી વધુ દેશોના વિદેશ મંત્રીઓ આવ્યા છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે માલદીવના વિદેશ મંત્રી ઉપરાંત સેશેલ્સના ગૃહ મંત્રી, સંયુક્ત આરબ અમીરાત અને કતારના મંત્રીઓ પણ પહોંચ્યા છે. હિંદ મહાસાગર પરિષદ હિંદ મહાસાગરના દેશો માટે સુરક્ષા અને વિકાસ માટે પ્રાદેશિક સહયોગની શક્યતાઓ પર ચર્ચા કરવા માટેનું મુખ્ય મંચ છે. તેની પ્રક્રિયા વર્ષ ૨૦૧૬માં શરૂ કરવામાં આવી હતી. હિંદ મહાસાગર પરિષદની પ્રથમ આવૃત્તિ ૨૦૧૬માં સિંગાપોરમાં અને પાંચમી આવૃત્તિ ૨૦૨૧માં સંયુક્ત આરબ અમીરાતમાં યોજાઈ હતી.

# નડીયાદથી ગૂમ થયેલો ૧૦ વર્ષનો બાળક પહોંચ્યો ભાયાવદર




પોલીસે SHEને સાથે બાળકનું પરિવાર સાથે કરાવ્યું મિલન

રાજકોટ મિરર, તા.૧૬

નડિયાદથી ગૂમ થયેલ એક બાળક યેનકેન પ્રકારે રાજકોટ જીલ્લાના ભાયાવદરમાંથી મળી આવતા સ્થાનિક પોલીસે તેમના વાલીઓને શોધી કાઢી બાળકનું પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

મળતી વિગતો મુજબ રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ, પોલીસ અધિક્ષક હિમકર સિંહ, તેમજ ધોરાજીના મદદનીશ પોલીસ અધિક્ષક સુરી સીમસ્ત ભારદ્વાજ દ્વારા રાજકોટ ગ્રામ્ય જીલ્લાના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સોહાદપુર્ણ વર્તન કરી, મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તે મદદ કરી પોલીસ પ્રજાનો મીત્ર છે એ સુત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા સુચના આપી હતી.

જે અન્વયે નડીયાદથી ગુમ થયેલ ૧૦ વર્ષનો છોકરો જે ગઇ તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ સાંજના છ એક વાગ્યે ભાયાવદર પો.સ્ટે. વિસ્તારના રબારીકા ગામેથી મળી આવેલ બાદ બાળકને પુછપરછ કરતા આ બાળક ગણેશ ઉર્ફે કિશુ ભુપતભાઇ દાતણીયા ઉ.વ.૧૦ (રહે.પીપલગ ગામ તા.નડીયાદ જી.ખેડા હોય અને પીપલગ ગામ તા.નડીયાદ જી.ખેડાનો) હોવાનુ જાણવા મળ્યું હતું. પોલીસે તેના વાલી વારસનો સંપર્ક કરી આજે ભાયાવદર પોલીસ તથા શી ટીમ દ્વારા બાળકને તેના વાલી વારસ સાથે મીલન કરાવી તેઓને સોંપ્યું હતું. બાળકનું વાલીઓ સાથે મિલન કરાવાની આ કામગીરીમાં ભાયાવદર પો.સ્ટે.ના પીઆઇ ડી. બી.મજીઠીયા શી ટીમના વિરમભાઇ વાણવી, પંકજસિંહ પ્રભાતસિંહ, -રિધ્ધીબેન, નંદુબેન વિગેરે દ્વારા કરાઈ હતી.

# જામકંડોરણામાં રેઢા મકાનમાં ખાબકી ૮.૨૫ લાખની મત્તા ઉસેડી જતા તસ્કરો

રાજકોટ મિરર તા.૧૬

જામકંડોરણા તાલુકામાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી ૮.૨૫ લાખ ઉઠાવી ગયાની ફરિયાદ થતા પોલીસે તસ્કરોની શોધખોળ આદરી છે.

પ્રાપ્ત વિગત મુજબ જામકંડોરણામાં રહેતા સંજયભાઈ કરસનભાઈ બાલધાએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે તા.૧૪ ના બપોરે એક વાગ્યા આસપાસ તેમના પત્ની રેખાબેન અને તેમનો નાનો ભાઈ શૈલેષ અને તેની પત્ની જ્યોત્સનાબેન તેમના માતા સવિતાબેન તેમ સહ પરિવાર સાથે અમદાવાદ તેમના સગાએ નવું મકાન ખરીદેલ હોય વાસ્તુ પ્રસંગે ગયા હતા. તેઓ અમદાવાદ હતા. ત્યારે જામકંડોરણા રહેતા પાડોશી રેખાબેન નિલેશભાઈ બાલધાનો તેમના પત્ની રેખાબેન પર ફોન આવ્યો હતો કે તેમના સાસુ તમારા ઘરની દીવાલે ફૂલ તોડતા હતા તે ત્યારે તમારા ઘરનો ડેલો દરવાજો ખુલ્લો હતો. આ જાણ તેમની પત્નીને કરતા તેમને સંજયભાઈને જણાવતા તેમના કૌટુંબિક ભાઈ ભાવેશભાઈ બાબુભાઈ બાલધા તેમજ કૌશિકભાઈ કેશુભાઈ બાલધા તેમ બંનેને તપાસ કરવાનું કહ્યું હતું અને થોડીવાર બાદ કૌશિકભાઈ બાલધાએ તેમણે જણાવ્યું હતું કે તમારા ઘરે મેઈન દરવાજાના તાળા નકુચા તથા રૂમની અંદર કબાટના લોક તોડી નાખેલ છે.



મકાન માલિક બહારગામ ગયાને પાછળથી કરી ગયા હાથફેરો

અને સમાન વેરવિખેર પડેલ છે તમારા ઘરમાં ચોરી થયાની જાણ કરી હતી. તે પછી તેમના દીકરા પ્રેમ અને તેમની પત્ની નેમીશાએ બંને જાણ કરી હતી. તેઓ પણ ધોરાજીથી અહીંયા અમદાવાદ આવેલા હતા. અને તેમણે પણ ઘરમાં ચોરી થયેલની જાણ કરી હતી. આ દરમિયાન તેઓ અમદાવાદથી તેમની મોટરસાયકલ મારફતે ઘરે આવતા ડેલાના દરવાજાનું તાળું, ઓસરીની જાળીનું તાળું તોડી ત્રણેય રૂમના કબાટના લોક તોડી નાખી સમાન વેરી ઘેર પડેલો હતો. અને તેના કબાટમાં રાખેલ રૂપિયા ૬,૫૦,૦૦૦ અને એક સોનાની માળા આશરે સાડા ત્રણ તોલાની જેની કિંમત રૂ.૧,૭૫,૦૦૦ જેટલી છે. એમ તેમના ઘરમાંથી રોકડા રૂપિયા ૬.૫ લાખ અને સોનાની માળા એક ૧,૭૫,૦૦૦ એમ કુલ ૮,૨૫,૦૦૦ ચોરી થયેલ હોવાનું જણાવ્યું હતું.તેથી તેઓ તેમના ભાઈ શૈલેષભાઈ અને કૌશિકભાઈ બાલધા સાથે આવી જામ કંડોરણા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી છે.

# ગોંડલમાં પત્નીની હત્યા કરનારો પતિ ઝડપાયો

## વોરા-કોટડા રોડ પંચપીરનીધાર, ઇદગાહ પાસેથી સીટી પોલીસે દબોચી લીધો

રાજકોટ મિરર, તા.૧૬

ગોંડલમાં પત્નીની હત્યા કરી નાશી છુટેલા પતિને સીટી પોલીસે રૂરલ એલસીબીના સહકાર વચ્ચે વોરા-કોટડા રોડ પંચપીરની ધાર, ઇદગાહ પાસેથી ખૂનમાં વપરાયેલ છરી સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ સાંજના સાડા દસેક વાગ્યા વખતે ગોંડલ સરકારી દવાખાના પાસે

બાલાશ્રમ પાસે ખાડામાં મનીષાબેન દિનેશ ઉર્ફે મદ્રાસ જીતુભાઇ ડાભી સોલંકીને તેના પતિ દિનેશ ઉર્ફે મદ્રાસ જીતુભાઇ ડાભી (સોલંકી) વાળાએ ૧૫ દિવસ અગાઉ તેની પત્ની બીજા સાથે ભાગી ગયેલ હોય તેનો ખાર રાખી વાંસાના (પીઠના) ભાગે છરીના બે ઘા મારી હત્યા કરી, નાશી ગયો હતો.

જે બનાવ અનુસંધાને રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ, રાજકોટ



ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક હિમકરસિંહના માર્ગદર્શન અને સુચનાથી તેમજ ગોંડલ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક કે.જી.ઝાલાની સુચનાથી બનાવની ગંભીરતાને ધ્યાને લઈ ગોંડલ સીટી પોલીસ સ્ટેશનના પીઆઈ એ.સી. ડામોરએ તેઓની આગવી સુઝ બુઝથી તુરંત જ ગોંડલ સીટી પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના માણસો તથા પોલીસ સ્ટાફના માણસોની અલગ અલગ ટીમો બનાવી, તપાસ કરવા, આ કામના આરોપીને તાત્કલીક પકડી પાડવા સુચનાઓ આપી હતી. તે અંગે ટેક્નીકલ સોર્સ તથા હ્યુમન રીસોર્સ આધારે સઘન તપાસ કરતા હતા તે દરમ્યાન સર્વેલન્સ ટીમને મળેલ ખાનગી બાતમી આધારે આ કામના આરોપીને ગોંડલ વોરા-કોટડા રોડ પંચપીરનીધાર, ઇદગાહ પાસેથી ગુન્હામાં ઉપયોગ કરેલ છરી સાથે પકડી લઇ, આરોપી વિરૂધ્ધ આગળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

પત્નીના હત્યારાને પકડવામાં રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી. શાખાના પીઆઈ વી.વી.ઓડેદરા પો.હૈડ.કોન્સ. અનિલભાઇ ગુજરાતી, ભાવેશભાઇ મકવાણા

ગોંડલ સીટી પોલીસ સ્ટેશનના પીઆઈ એ.સી.ડામોર, પો.હેડ.કોન્સ. યુવરાજસિંહ ગોહિલ, મહેન્દ્રભાઇ વાળા, મહાવીરભાઇ બોરીચા, ઉદયભાઇ ધાધલ, કૃષ્ણસિંહ જાડેજા, પો.કોન્સ. ભાવેશભાઇ સાસીયા, જયસુખભાઇ સોરીયા, કમલેશભાઇ ગોંડલીયા નરેન્દ્રભાઇ બાબરીયા, હરેશભાઇ કણો, રણજીતભાઇ બોરડ નયનભાઇ ડાભી, મયુરભાઇ જોષી, દીલીપભાઇ, ગોંડલ સીટી બી ડીવી. પો.સ્ટે.ના પો.હેડ.કોન્સ.મદનસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી.

# જેતપુરનો બુટલેગર પાસા તળે ધકેલાયો વડોદરા જેલમાં

## પરાગ હરકિશન આસનાણી સામે દારૂના અસંખ્ય કેસને લીધે સીટી - LCB પોલીસે ધકેલ્યો પાસામાં

રાજકોટ મિરર, તા.૧૬

જેતપુર શહેરમાં અવાર નવાર ઈંગ્લીશ દારૂના કેસમાં સંડોવાયેલ આરોપી પરાગ હરકિશનભાઇ આસનાણીને 'પાસા' તળે પકડીને એલ.સી.બી. ટીમ અને જેતપુર સીટી પોલીસ વડોદરા મધ્યસ્થ જેલમાં ધકેલી દીધો છે.

મળતી વિગતો મુજબ રાજકોટ રેન્જના પોલીસ મહાનીરીક્ષક અશોકકુમાર યાદવ, રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક હિમકરસિંહ, નાયબ પોલીસ અધિક્ષક રોહીતસિંહ ડોડીયાએ અપહરણ, લુંટ, ધાડ, પ્રોહીબીશન, મારામારી જેવા ગુનાઓ કરવાની ટેવ વાળા શખ્શો વિરુધ્ધ 'પાસા' (ગુજરાત પ્રીવેન્શન ઓફ એન્ટી સોશીયલ એક્ટિવીટીઝ એક્ટ-૧૯૮૫) તળે પકડી પાડવા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા મંજુર કરવામાં આવેલ 'પાસા' અટકાયતીને



શોધી કાઢવા આદેશ કર્યો હતો.

જેને ધ્યાને લઈને શહેરમાં વિસ્તારમાં અવાર નવાર મારામારી તેમજ પ્રોહીબીશનની પ્રવૃતીઓમાં પકડાયેલ આરોપી પરાગ હરકિશનભાઇ આસનાણી( ઉ.વ.૪૫, રહે.નયનપાર્ક, ધોરાજી રોડ)વાળાની વિરુદ્ધમાં પીઆઈ એ.ડી. પરમાર દ્વારા ''પાસા'' પ્રપોઝલ તૈયાર કરી, જીલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ તરફ મોકલી હતી. જેને તત્કાલીન જીલ્લા મેજીસ્ટ્રેટ અને કલેક્ટર પ્રભવ જોષી દ્વારા મંજુર કરી, આરોપીને વડોદરા મધ્યસ્થ જેલ ખાતે મોકલી દેવા હુકમ કર્યો હતો.

પરાગને પાસા તળે પકડી પાડવામાં પીઆઈ વી.વી. ઓડેદરા, એ.એસ.આઇ. બાલકૃષ્ણભાઇ ત્રીવેદી, અમિતસિંહ જાડેજા, જેતપુર સીટી પોલીસ પીઆઈ એ.ડી. પરમાર, એ.એસ.આઇ. રવજીભાઇ હાપલીયા, ભાવેશભાઇ ચાવડા, હેડ કોન્સ. ચંદ્રસિંહ વસૈયા, ધવલભાઇ ગાજીપરા, સાગરભાઇ મકવાણા, કોન્સ શક્તિસિંહ ઝાલા, અમીતભાઇ સિધ્ધપરા, સાગરભાઇ ઝાપડીયા ભરતભાઇ ગમારા લાખુભા રાઠોડ રોકાયા હતા.

### અવસાન નોંધ

**રાજકોટ :** નિવાસી ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ ભાનુશંકરભાઈ શીવશંકરભાઈ જોષીના પુત્ર જીક્ષેશભાઈ ઉ.વ. (૪૫) તે રાજેશ્વરી પ્રણવકુમાર, સિધ્ધેશ્વરી, મલયના પિતા, જયશ્રીબેન વિમલકુમાર, કિરણબેન પ્રફુલકુમાર, ચેતનાબેન નિરવકુમારના ભાઈનું તા. ૧૪ના રોજ અવસાન થયું છે. બેસણું તા. ૧૭ ને સોમવારે, તેમના નિવાસસ્થાને, આશાપુરા ચોકડી પાસે, સિધ્ધાર્થ નગર મેઈન રોડ, ગોંડલ ખાતે સાંજે ૪:૦૦ થી ૬:૦૦ રાખેલ છે.

ક્રાઈમ બ્રાંચ, PCB અને EOW બ્રાંચમાં તોડકાંડની હારમાળા સર્જાતી હોવાની પોલીસ બેડામાં છાનાખૂણે ચોંકાવનારી ચર્ચા !!

# લાખોના 'તોડ' અને પકડાયેલ દારૂ 'ગટક' કરી જવાની હારમાળા ?

## એક બુકી અને પંટર પાસેથી ૨૫ લાખ, કુવાડવા રોડ પરથી તાજેતરમાં પકડાયેલ બે ગાડીમાં અડધો અડધ દારૂ 'ચાઉ' અને તોડ : ટ્રાન્સપોર્ટમાંથી પકડાયેલ મોંઘા દારૂની ૧૫ પેટી 'ઓહીયા' થઈ ગયાની ચર્ચાથી પોલીસની આબરૂ દાવ પર

રાજકોટ,તા.૧૭

શહેરમાં દારૂ-જુગાર, ડ્રગ્ઝ, દુષ્કર્મ, મારામારી, હત્યા અને જમીન કૌભાંડો, ચોક્કસ પોલીસ કર્મીઓની ગુન્હાખોરીમાં સંડોવણી સહિતની ઘટનાઓની હારમાળા છેલ્લા દિવસોમાં સર્જાઈ છે. ત્યારે ગણ્યા-ગાંઠયા અધિકારીઓ સિવાય અમુક ઉચ્ચ અધિકારીઓ શહેરની કાયદો-વ્યવસ્થા માટે શા માટે નિંદ્રા અવસ્થા અને મુંગામંતર થઈને બેસી રહ્યાં છે તે જુના રંગીલા રાજકોટના નગરજનોને સમજાતુ નથી. પોલીસ બેડા તથા જાણકાર વર્તુળોમાં શહેર પોલીસના ચોક્કસ અધિકારીઓના જબરા તોડની વાતો રોજીંદી બની રહી છે ત્યારે ભવિષ્યનું રાજકોટ કેવું હશે તેની ચિંતા લોકોને થઈ રહ્યાનું મનાય છે. ચોંકાવનારી ચર્ચા તો એ છે કે તાજેતરમાં પકડાયેલા દારૂની પાંચેક ઘટનાઓમાં અડધો અડધ દારૂ પકડનારાનાં જ 'ઓહિંયા' કરી ગયાનું અને આ 'માલ' નામીચા બુટલેગરોને વેંચાણ માટે આપ્યાનું ખુબ જ ગંભીર ચર્ચાથી ખળભળાટ મચી રહ્યો છે.

રાજકોટ મિરર ચોંકાવનારી ચર્ચાની પૃષ્ટિ નથી કરતું પરંતુ 'ચર્ચા કયારેક એમને એમ થતી હોતી નથી' તેવી કહેવત ૧૦૦ ટકા ચિંતા જરૂર જન્માવે.

એમ કહેવાય છે કે ત્રણેક માસ પહેલા વિદેશી મોંઘો દારૂ એટલે કે 'સ્કોચ'ની પેટીઓ પકડાયેલ અને તેમાંથી દારૂની ૧૧ પેટી કાઢી ત્રણ અલગ અલગ નામીચા દારૂના ધંધાર્થીને વેંચાણ માટે આપી દીધાની ચર્ચા સમયે જ ઘંટેશ્વર પાસેથી ઝડપાયેલ દારૂમાં પણ પેટીઓ સરકાવી લીધાની અને 'તોડ' કર્યાની ચર્ચા એ સમયે થઈ હતી.

અગાઉ એક સરખી ઘટનાઓની ચર્ચા વચ્ચે આવી ઘટનાઓ બનતી જ હોવાની વાતો હતી ત્યાં જ તાજેતરમાં જે બે ત્રણ દારૂ હરીયાણા ગુડગાંવ તરફથી રાજકોટ આવી હતી જેમાં ૨૨ પેટી વિદેશી મોંઘી સ્કોચ દારૂ હોવાનું અને તેના સિગ્નેચર, રેડ લેબલ, જે એન્ડ બી, જેમશન બેલેન્ટાઉન દારૂ હતો. બેલેન્ટાઈનના ૭ ચપલા પણ હતાં. બે ગાડીમાંથી એક ગાડી રાજકોટમાં પ્રવેશે





તે પહેલા ભાગોળે આવેલા એક ગામમાંથી મહત્વની બ્રાંચે ઝડપી લીધી બીજી ગાડી શહેરના મધ્યમાં એટલે કે લીમડા ચોક આસપાસથી ઝડપી લેવાઈ ૨૨ પેટીમાંથી અડધો અડધ પેટી બારોબાર કાઢી લેવાયાની જબરી ચર્ચાથી આશ્ચર્ય ફેલાયું મનાય છે.

એમ પણ કહેવાય છે કે પાંચેક લાખ જેવો 'વહીવટ' અને હજુ દારૂ મોકલનાર અને લાવનાર માંથી કોઈ એકનું નામ ખોલાવવા બાબતે 'તડજોડ' ચાલી રહ્યાનું મનાય છે.

રાજકોટ પોલીસના મોરલ અને આબરૂને બટ્ટો લગાવી શકે તેવી અન્ય એક ચોંકાવનારી ચર્ચા એવી છે કે તાજેતરમાં જ એટલે કે ત્રણ ચાર દિવસ પહેલા એલ.એમ.ટ્રાન્સપોર્ટમાં આવેલ અને ભક્તિનગર સ્ટેશન પ્લોટ આસપાસ ઉતરેલ મોંઘો વિદેશી દારૂ એટલે કે સિંગલ માર્ટ સ્કોચ વ્હીસકીની ૩૧ જેટલી દારૂની પેટી મહત્વની બ્રાંચના બે કે ત્રણ પોલીસમેને બાતમીના આધારે પકડી અને ગજબની ચર્ચા તો એ છે કે ૩૧ પેટીમાંથી ૧૫ પેટી ગાયબ થઈ ગઈ હોવાનું અને ૧૬ પેટી પકડયાનું મનાય છે.

> "તાજેતરનાં ડઝનેક ડીટિકશનની તપાસ નિર્લીપ્ત રાયને સોંપાય અથવા અમુક 'છાપેલ કાટલા'ના નાર્કો ટેસ્ટ થાય તો 'કૈંક'ને આવે 'રેલો'"

એથી પણ ચોંકાવનારી વાત આ પ્રકરણમાં એ છે કે ૧૧ લાખ જેટલો તોડ કરાયાનું મનાય છે. અને એમ કહેવાય છે કે દારૂ મંગાવનાર શખ્સના બનેવી એ આ પ્રકરણમાં મધ્યસ્થી કરી હોવાનું અને રકમ ચુકવી હોવાની ચર્ચા છે. જો કે આ તોડકાંડ વાત ઉચ્ચ અધિકારી સમક્ષ પહોંચતા બે પાંચની બદલી કરી દેવાયાનું મનાય છે. જે હોય તે પરંતુ મહત્વની બ્રાંચના અધિકારીઓ, પોલીસમેનો છડેચોક તોડ કરી રહ્યાની ચર્ચા રાજકોટ પોલીસને આબરૂને જરૂરથી બટ્ટો લગાવી રહ્યા છે. પોલીસ બેડા તથા જાણકારો વર્તુળો એવું ચર્ચી રહ્યાં છે કે જો ઉપરોકત બન્ને કેસના મુળ સુધી જવામાં આવે એટલે કે હરિયાણા અને ગુંડગાંવમાં જ બન્ને ગાડીમાં દારૂ ભરવામાં આવ્યો તેની તપાસ થાય દારૂ મોકલનારની પ્રમાણીક પણે તપાસ થાય તો બન્ને ગાડીમાં કેટલી પેટી દારૂ આવી હતી ? તે ખ્યાલ આવી જાય. બીજા કેસમાં ટ્રાન્સપોર્ટ કંપનીમાં કેટલી પેટી દારૂ મોકલવામાં આવ્યો હતો ? તેની તપાસ થાય તો સત્ય હકીકતો બહાર આવે. તોડ કરનારાઓને મોટા મહાઓના આર્શિવાદ નથી તે બતાવવું હોય તો શહેર ઉચ્ચ અધિકારીઓએ ઉપરોકત બન્ને કેસને સેમ્પલ કેસ તરીકે હાથ ઉપર લઈ અને તેના મુળ સુધી જવું જોઈએ તેવી અપેક્ષા જાણકારો રાખે તે સ્વાભાવિક છે.

હજુ એક બીજી ચોંકાવનારી ચર્ચા તો એ છે કે થોડા દિવસો પહેલા યાજ્ઞીક રોડ ખાતે એક 'બુકી' અને એક 'પંટર' ઉભા હતાં અને પોલીસ ત્રાટકી પછી શું કરતાં હતાં જુગાર રમતા હતાં એવા ધારદાર સવાલોની ઝડી વરસી અને ૨૫ લાખ રૂપિયાની ચોંકાવનારી ચર્ચા છે. અલઈ નામના શખ્સને જો નિર્લિપ્ત રાય પાસે મોકલી દેવાય અને ગૃહવિભાગ નિર્લિપ્ત રાયને ઉપરોકત તમામ પ્રકરણમાં અન્ય હકીકતો ચોંકાવનારી સુચના આપે તો મોરબીના ટંકારા પાસેની હોટલમાંથી ઝડપાયેલા જુગારમાં અને શિલ્પા જવેલર્સ વાળા ભાસ્કર પ્રભુદાસ સોની તથા અન્યો પાસેથી થયેલા તોડની હકીકતો જાહેરમાં આવી હતી અને એવા જ પગલાઓ લેવાય તો શહેર પોલીસ બેડામાં ધરતી કંપ ચોક્કસ સર્જાય તેમ છે.

શહેર પોલીસમાં એક તરફ તોડની રોજીંગી ઘટનાઓ તથા મોંઘામોલની સ્કોચ હોય તો સાદો દારૂ પરંતુ, પકડાયેલ દારૂમાંથી જથ્થો ઓછો બતાવીને 'ગટક' કરાયેલ દારૂને નામીચા બુટલેગરોને જ વેંચાણ કરવા આપવાની 'પરંપરા' સર્જાયાની જે ચોંકાવનારી ચર્ચા છે તે ચર્ચા પોલીસ મોરલને ડાઉન કરી રહી છે તો બીજી તરફ ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ, એ.સી.પી. બી.બી.બસીયા તથા એસ.ઓ.જી.ના સંજયસિંહ જાડેજાની ડીટેકશન માટેની મહેનત અને કામગીરીની વખાણવા લાયક ચર્ચાને પણ દાદ આપવી જ પડે. પેંડા ગેંગના સાગ્રીત પરના ફાયરીંગમાં હરીફ ગેંગના ત્રણને સત્વરે ઝડપી ખાખીનો યોગ્ય ધ્રુજારો અપાયાની પણ વખાણવા લાયક ચર્ચા પોલીસ બેડામાં થઈ રહી છે.

પોલીસ બેડાના જાણકાર વર્તુળોમાં ચર્ચાતી વિગતો મુજબ જો ગોહિલ, બસીયા કે જાડેજા જેવા અધિકારીઓનું સુંદર ડીટેકશન તથા જહેમત રંગ લાવતી ન હોત તો શહેર પોલીસનું મોરલ સાવ તળીયે જઈને બેઠું હોત કેમ કે અમુક ઉચ્ચ અધિકારીઓને તો રાજકોટવાસીઓને ફીલ્ડમાં તે લોકો વચ્ચે નિહાળ્યા જ નથી. મુખ્યમંત્રી કે ગૃહમંત્રી રાજકોટમાં આવ્યા હોય ત્યારે અખબારોમાં આવેલ ફોટામાં જ તેઓના 'દિદાર' જોવા મળે છે. રાજકોટ આજે પણ સુધીર સિન્હા, પી.કે.દત્તા, સતીષ વર્મા, અરૂણ શર્મા, રાહુલ શર્મા, અતુલ કરવલ, સતિશ શર્મા, સુભાષ ત્રિવેદી, દિલથી યાદ કરે છે અને તેમની કામગીરીને પ્રશંસા કરતાં થાકતા નથી. 'ઈશ્વર અલ્લાહ તેરો નામ સબકો સન્મતી દે ભગવાન' !!

### EOWના પાંચ અને SOGના બે પોલીસમેનોની બદલી

રાજકોટ શહેર પોલીસની બે મહત્વની બ્રાંચના અમુક પોલીસમેનોની બદલીની ચર્ચા પોલીસ બેડામાં છે. જેમાં ઈ.ઓ. ડબલ્યુ બ્રાંચના પાંચના ઓર્ડર થયા છે. જેમાંથી એક કે બેને તો તોડકાંડ તથા નબળી કામગીરી નડી ગયાનું તથા અમુક મહિલા કર્મચારીને એક જ સ્થળે ત્રણેક વર્ષ થઈ ગયા હોય રૂટીનમાં બદલી થયાનું મનાય છે. જ્યારે સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ (એસ.ઓ.જી)ના બે પોલીસમેને છેલ્લા છ માસમાં કોઈ મહત્વની કામગીરી કરી ન હોય તથા ત્રણ વર્ષથી બ્રાન્ચમાં હોય બદલી કરાયાનું મનાય છે.

> પાર્થરાજસિંહ ગોહિલ, બી.બી. બસીયા અને સંજયસિંહ જાડેજા જેવા અધિકારીઓની કામગીરી પોલીસના મોરલને ડાઉન થતાં રોકે છે અન્યથા... ?!

મકરસંક્રાંતિએ થયેલી માથાકૂટનો બદલો લેવા પરેશ ગઢવી પર સાગરિત પર  પુનિતનગરમાં થયું હતું ફાયરીંગ

# પેંડા ગેંગના સાગ્રીત પર 'ભડાકો' કરનાર ત્રિપુટી ઝબ્બે

## જંગલેશ્વર ગેંગના ત્રણને પિસ્તોલ, કાર્ટીઝ, કાર સાથે દબોચાયા : ગોહિલ, બસીયા અને એસ.એમ.જાડેજા ની ટીમને સફળતા








ત્રિપૂટીને ઝડપી લેનાર SOGની ટીમ : કબ્જે કરાયેલ દેશી બનાવટની પિસ્તોલ, ફાયરીંગમાં ઘવાયેલ પેંડા ગેંગનો સાગરિત પરેશ ગઢવી તથા ફાયરીંગ કરનાર મુર્ગો, શાહનવાઝ તથા શોહિલ નજરે પડે છે




રાજકોટ મિરર, તા.૧૬

વાવડી નગર ખાતે બનેલી ઘટનામાં શક્તિ ઉર્ફે પેંડા ગેંગ સાગરીત ગણાતા શખ્સ પર ગઈકાલે વહેલી સવારે જંગલેશ્વર ગેંગ દ્વારા ફાયરિંગ કરી હત્યાની કોશિષ કરવામાં આવી હતી. આ ગુનામાં  શહેર એસઓજીએ જંગલેશ્વર ગેંગના ત્રણને દબોચી લઈ કાર, પિસ્તોલ અને કારટીસ તેમજ રોકડ કબજે લીધા છે. ત્રણમાંથી બે શખ્સ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે.

વાવડીના પુનીતનગરમાં પેંડાના સાગરિત પર ફાયરીંગ કરનાર જંગલેશ્વર ગેંગના ત્રણ શખ્શને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપએ પિસ્ટલ, કાર્ટીઝ અને કાર સાથે દબોચી લઈને તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. પોલીસના જણાવ્યા પ્રમાણે ગત મકરસંક્રાંતિના દિવસે થયેલી માથાકુટનો બદલો લેવા ફાયરીંગ કરાયાનું પોલીસે જણાવ્યું હતું. ત્રણેય સામે ગેંગ બનાવી, સમાન ઈરાદો પાર પાડવા હત્યાની કરાયેલી કોશિશનો ગુન્હો નોંધી ત્રણેયની રિમાન્ડની માંગણી માટેની તજવીજ હાથ ધરાઈ હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ બે દિવસ પહેલા શહેરના નામચીન  પેંડા ગેંગના પરેશ રાજુભાઈ બળદા (ઉ.વ.૨૩) ઉપર અચાનક ધસી આવેલા ગણાવાતી જંગલેશ્વર ગેંગના ત્રણ શખ્શોએ ફાયરીંગ કરતા પરેશને પગમાં ઈજા થઇ હતી. ફાયરીંગ કરી નાશી છૂટેલી ત્રિપુટીને પકડવા એસઓજીના તપાસ સોંપાતા ત્રણેય શોધવા પોલીસે ઠેરઠેર છાપા માર્યા હતા પણ ફાયરીંગ કરનાર શખ્શો શહેરમાંથી ગાયબ થઇ ગયા હતા. પણ ટેકનીકલ સોર્સ કામ કરી ગયા હોય તેમ એસઓજીના એએસઆઈ ફિરોઝભાઈ શેખ, હેડકોન્સ સિધ્ધરાજસિંહ જાડેજા અને કોન્સ કિશોરભાઈ ઘુઘલને ત્રણેય આરોપીઓ અંગે મળેલી સંયુક્ત બાતમીના આધારે એકતા નગર શેરી-૭ માં રહેતા સમીર ઉર્ફે મુર્ગો યાસીનભાઇ પઠાણ (ઉ.વ.૨૬), મૂળ તે જ શેરીમાં હુશેની ચોક પાસે અને હાલ  દેવપરા કોઠારીયા મેઈન રોડ ખ્વાજા એપાર્ટમેન્ટની બાજુમાં નિલમ પાર્ક સોસાયટીમાં રહેતા  શાહનવાઝ ઉર્ફે નવાઝ મુસ્તાકભાઇ વેતરણ (ઉ.વ.૧૯) અને જંગલેશ્વર શેરી-૬ માં રેહેતા સોહિલ ઉર્ફે ભાણો સિકંદરભાઈ ચાનીયા (ઉ.વ.૨૧) એમ ત્રણેયને દબોચી લીધા હતા. ત્રણેયને ઉઠાવી લીધા બાદ ફાયરીંગમાં વપરાયેલ હથિયાર બાબતે આકરી પૂછપરછ કરતા ત્રણેયે રૂ.૨૫ હજારની દેશી બનાવટની સિલ્વર-બ્લેક પીસ્ટલ, રૂ.૨૦૦ ના બે જીવતા કાર્ટીઝ, તેમજ ફાયરીંગ સમયે વપરાયેલી જી.જે.૧૩ સી.ઇ ૦૦૧૩ નંબરની કાર  અને રોકડ ૨૭,ક્ષ૨૨ મળી રૂપિયા ૫,૫૨,૧૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

ફાયરીંગ કરનાર ત્રિપુટીને પકડવામાં એસ.ઓ.જી શાખાના પીઆઈ  એસ.એમ.જાડેજા, પી.એસ.આઇ. એસ.બી.ઘાસુરા, એન. વી. હરીયાણી, એમ.બી.માજીરાણા, એ.એસ.આઈ. ફિરોજભાઈ શેખ, ધર્મેશભાઇ ભરતભાઇ, વિરેન્દ્રસિંહ વનરાજસિંહ, હેડ.કોન્સ. ઈન્દ્રસિંહ ગુલાબસિંહ, અરૂણભાઇ લક્ષમણભાઇ, દિગ્વીજયસિંહ કીરીટસિંહ, ઉપેન્દ્રસિંહ જયવિરસિંહ, રણછોડભાઇ લઘરાભાઇ, મહાવીરસિંહ દશરથસિંહ, સિદ્ધરાજસિંહ નીરૂભા, કોન્સ્ટેબલ કિશોરભાઇ લક્ષમણભાઇ, મુકેશભાઇ નાગદાનભાઇ,  અનોપસિંહ પ્રવિણસિંહ, અમિતકુમાર ખિમજીભાઈ, યોગરાજસિંહ છનુભા, હાર્દીકસિંહ જગતસિંહ, મહિલા કોન્સ્ટેબલ  મોનાબેન ખીમજીભાઈ, હેડ કોન્સ્ટેબલ શ્યામભાઈ સગરામભાઈ, ધર્મેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ,  ડી.સી.બી.પો.સ્ટેના પીએસઆઈ એ.એન.પરમાર, એમ.કે.મોવલીયા, એ.એસ.આઇ રણજીતસિંહ પઢેરીયા રોકાયા હતા.

### ઝડપાયેલા ત્રણેય આરોપીઓ રીઢા ગુન્હેગાર

પોલીસના જણાવ્યા પ્રમાણે ઝડપાયેલા ત્રણ આરોપી પૈકીના બે ગંભીર ગુન્હાઓ સબબ અગાઉ પોલીસ ચોપડે ચડી ચૂક્યા છે. જેમાં  સમીર ઉર્ફે મુરધો મારામારી, દારૂ, જુગાર, હત્યાની કોશિશ સહિત ૧૨ ગુન્હામાં તેમજ શાહનવાઝ ઉર્ફે નવાઝ રાયોટિંગના ગુનામાં અને સોહીલ ઉર્ફે ભાણો રાયોટિંગના બે ગુંના, જુગાર સહિત ૪ ગુનામાં સંડોવાઈ ચુક્યો છે.

### મકરસંક્રાંતિના દિવસે થયેલી માથાકૂટનો બદલો લેવા કરાયું ફાયરીંગ

ગત મકરસંક્રાંતિના દિવસે ગોકુલધામ વિસ્તારમાં જંગલેશ્વરનો સોહેલ તેમની ગર્લફ્રેન્ડ સાથે નીકળ્યો ત્યારે પેંડા ગેંગના સાગરીતો પરેશ ઉર્ફે પરીયો, યાસીન ઉર્ફે ભુરો, મેટીયો ઝાલાએ  સોહેલની ગર્લફ્રેન્ડનો હાથ પકડી બિભત્સ માંગણી કરી ''તું અમારી સાથે આવ'' તેમ કહી સોહેલ પર ચારેય શખસોએ હુમલો કર્યો હતો. આ  હુમલામાં સોહેલ ઘાયલ થતા તેમને હોસ્પિટલ ખસેડાયો હતો અને પેંડા ગેંગ સામે ગુન્હો નોંધાયા આવ્યા બાદ તમામ જેલમાં ધકેલાયા હતાં. જેલમાંથી પરેશ પાંચ દિવસ પહેલા જ બહાર અગાઉની માથાકૂટનું વટક વાળવા જંગલેશ્વરની ગેંગે તેના પર ફાયરીંગ કર્યુ હતું.

### પડોશી રાજ્યમાંથી સમીરે ખરીદી પિસ્ટલ

ઝડપાયેલા ત્રણેય આરોપીની પુછપરછ દરમિયાન  સમીર ઉર્ફે મુર્ગો ઉર્ફે ટકો પઠાણે પોલીસ સમક્ષ કબૂલ્યું હતું કે, પરેશને ડરાવવા તેમણે પરપ્રાંતીય રાજ્યમાંથી અગાઉ દેશી બનાવની પિસ્ટલ ખરીદી હતી અને મકર સંક્રાતિના ડખ્ખાનું વટક વાળવા પરેશની આવન જાવન અને ઉઠક-બેઠક અંગે રેકી કરીને, કારમાં આવીને તેમના પર ફાયરીંગ કરાયું હતું. જેમાં પરેશને ડાબા પગમાં ઈજા થઇ હતી.